પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ • અંક : ૨૩૫ • કુલ પાના : ૪ • તારીખ : ૨૭-૦૫-૨૦૨૩ શનિવાર • કિંમત રૂ.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### હવે નવી સંસદનું ઉદઘાટન મોદી જ કરશે

## રાષ્ટ્રપતિ પાસે સંસદનું ઉદઘાટન કરવાની માગની અરજી સુપ્રીમ કોર્ટે ફગાવી, હાઈકોર્ટ નહીં જઈએ : અરજદારે કહ્યુ

નવીદિલ્હી,

એડવોકેટ જયા સુકિને અરજીમાં કહ્યું- ૧૮ મેના રોજ લોકસભા સચિવાલય દ્વારા કહેવામાં આવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી નવી સંસદનું ઉદઘાટન કરશે. સંસદમાં રાષ્ટ્રપતિ અને સંસદના બે ગૃહોનો સમાવેશ થાય છે. રાષ્ટ્રપતિ દેશના પ્રથમ નાગરિક છે. રાષ્ટ્રપતિ પાસે સંસદને બોલાવવાની અને ભંગ કરવાની સત્તા છે.

સુપ્રીમ કોર્ટમાં સુનાવણી દરમિયાન આજે સુપ્રીમ કોર્ટે જાહેર હિતની આ અરજીને ફગાવી દીધી હતી. સુપ્રીમ કોર્ટે અરજી ફગાવી દેતા અરજદારને ઠપકો પણ આપ્યો છે. કોર્ટે કહ્યું, અમને ખબર છે કે આ અરજી શા માટે દાખલ કરવામાં આવી છે? આભારી બનો કે અમે તમને દંડ કરતા નથી.

આ પીઆઈએલ સુપ્રીમ કોર્ટના વકીલ સીઆર જયા સુકિને દાખલ કરી હતી. તેમણે અરજીમાં કહ્યું હતું કે, ઉદ્ઘાટન સમારોહમાં રાષ્ટ્રપતિને સામેલ ન કરીને ભારત સરકારે ભારતીય બંધારણનું ઉલ્લંઘન કર્યું છે. આમ કરવાથી બંધારણનું સન્માન થતું નથી. અરજીમાં કહેવામાં આવ્યું હતું કે સંસદ એ ભારતની સર્વોચ્ચ વિધાયક સંસ્થા છે. ભારતીય સંસદમાં રાષ્ટ્રપતિ અને બે ગૃહો રાજ્યસભા અને લોકોનું ગૃહ, લોકસભાનો સમાવેશ થાય છે. રાષ્ટ્રપતિ પાસે કોઈપણ ગૃહને બોલાવવાની અને રદ કરવાની સત્તા છે. આ સાથે, રાષ્ટ્રપતિ પાસે સંસદ અથવા લોકસભાને ભંગ કરવાની સત્તા પણ છે.

તે વડાપ્રધાન અને અન્ય મંત્રીઓની નિમણૂક કરે છે અને તમામ કામ રાષ્ટ્રપતિના નામ પર થાય છે.



લોકસભા સચિવાલયે વિચાર્યા વગર મનસ્વી રીતે આદેશો જારી કર્યા છે. નવા સંસદ ભવનના ઉદઘાટનમાં ભારતના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને આમંત્રણ ન આપવું એ બંધારણનું ઉલ્લંઘન છે. રાષ્ટ્રપતિ પાસે કારોબારી, કાયદાકીય, ન્યાયિક અને લશ્કરી સત્તાઓ પણ છે.

કોંગ્રેસ સહિત ૨૦ વિરોધ પક્ષોએ ઉદઘાટન સમારોહનો બહિષ્કાર કરવાની જાહેરાત કરી છે. વિપક્ષનું કહેવું છે કે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને બાયપાસ કરીને વડાપ્રધાન દ્વારા ઉદઘાટન કરવાનો નિર્ણય માત્ર ગંભીર અપમાન જ નથી, પરંતુ તે લોકશાહી પર સીધો હુમલો પણ છે. તે જ સમયે, ભાજપ સહિત ૨૫ પક્ષો ઉદઘાટન સમારોહમાં ભાગ લેશે.

ભાજપ સહિત ૧૭ પક્ષો ભાગ લેશેઃ ભાજપ, શિવસેના (શિંદે જૂથ), શિરોમણિ અકાલી દળ, એનપીપી એનડીપીપી એસકેએમ, જેજેપી આરએલજેપી, આરપી (આઠવલે), અપના દળ (એસ), તમિળ મનિલા કોંગ્રેસ, લોકસભામાં ૬૦.૮૨% (૩૨૮ સભ્ય) અને રાજ્યસભામાં ૪૨.૮૬% (૧૦૨ સભ્ય) વિરોધ કરી રહેલા ૨૦ પક્ષોમાં કોંગ્રેસ, તૃણમૂલ કોંગ્રેસ, દ્રવિડ મુનેત્ર કડગમ, આમ આદમી પાર્ટી, સમાજવાદી પક્ષ, ઉદ્ધવ ઠાકરેનું શિવસેના જૂથ, ભારતીય સામ્યવાદી પક્ષ, રાષ્ટ્રીય જનતા દળ ઝારખંડ મુક્તિ મોરચા,કેરલા કોંગ્રેસ (મણિ), વિદુથલાઈ ચિરુથાઈગલ કચ્છી રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી ,જનતા દળ-યુનાઈટેડ નેશનલ કોન્ફરન્સ, અને એમડીએમકે ઓપનિંગ ઈવેન્ટમાં ભાગ નહીં લે. વિરોધપક્ષો પાસે લોકસભામાં ૨૬.૩૮% (કુલ ૧૪૩ સભ્ય) અને રાજ્યસભામાં ૩૮.૨૩% (૯૧ સભ્ય) પ્રતિનિધિત્વ છે.

### કોર્ટે સહજતાથી કહ્યું-મને સમજાતું નથી કે તમે લોકો આવી અરજી કેમ લાવો છો? આમાં તમને શું રસ છે?

આ અગાઉ ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે કોંગ્રેસ અને તેના સાથી પક્ષો ઉદઘાટનનો બહિષ્કાર કરીને ક્ષુદ્ર રાજનીતિ કરી રહ્યા છે. જેડી(એસ)ના પ્રમુખ એચડી દેવગૌડાએ કહ્યું કે નવી સંસદ દેશની સંપત્તિ છે અને તે કરદાતાઓના પૈસાથી બનાવવામાં આવી છે. એટલા માટે તેઓ તેના ઉદઘાટન સમારોહમાં હાજરી આપશે. ગુલામનબી આઝાદે કહ્યું હતું કે જ્યાં સુધી નવા સંસદ ભવન બનાવવાની વાત છે તો એ નવી વાત નથી. ૩૨ વર્ષ પહેલાં કોંગ્રેસની આ જ વિચારસરણી હતી. હવે જો કોઈ એનો બહિષ્કાર કરે અથવા ઉદઘાટન સમારોહમાં ન જાય તો તેમની પાસે એના પર ટિપ્પણી કરવા માટે કંઈ નથી. નવી ઈમારતનું બાંધકામ જરૂરી હતું અને એ હવે થઈ ગયું છે એ સારી વાત છે.

મોદી ૨૮ મેના રોજ નવા સંસદ ભવનના ઉદઘાટન સમયે લોકસભા અધ્યક્ષની બેઠક પાસે પવિત્ર સેંગોલ (રાજદંડ) સ્થાપિત કરશે. અંગ્રેજો દ્વારા ૧૪ ઓગસ્ટ ૧૯૪૭ની રાત્રે સત્તાના હસ્તાંતરણ તરીકે પંડિત નહેરુને એ સોંપવામાં આવ્યો હતો. એને ૧૯૬૦ પહેલાં આનંદ ભવનમાં અને ૧૯૭૮થી અલ્હાબાદ મ્યુઝિયમમાં રાખવામાં આવ્યો હતો. હવે ૭૫ વર્ષ પછી રાજદંડ સંસદમાં પ્રવેશશે.

## ગુજરાતમાં ચોમાસુ સામાન્ય અથવા સામાન્યથી ઓછુ રહેશે, હવામાન વિભાગે પૂર્વાનુમાન કર્યું

અમદાવાદ,

કાળઝાળ ગરમીમાં શેકાઈ રહેલા લોકો માટે રાહતના સમાચાર છે. કેરળમાં ૪ જૂન સુધીમાં ચોમાસાની એન્ટ્રી થઈ શકે છે.આઈએમડીએ ચોમાસાને લઈને પૂર્વાનુમાન જાહેર કર્યું છે. જે મુજબ ગુજરાતમાં ચોમાસુ સામાન્ય રહેવાની આગાહી કરવામાં આવી છે. ગુજરાત સહિત સમગ્ર ભારતમાં ચોમાસુ સામાન્ય રહેશે. ચાલુ વર્ષે ૯૬ ટકા સરેરાશ વરસાદ વરસી શકે છે. જો કે ઉત્તર-પશ્ચિમ વિસ્તારોમાં ચોમાસુ સામાન્યથી થોડુ ઓછું રહી શકે છે.

અલ નીનોની અસર છતાં હવામાન વિભાગે ચોમાસુ સામાન્ય રહેવાનું અનુમાન વ્યક્ત કર્યું છે. ગત વર્ષની સરખામણીએ ચાલુ વર્ષે હીટ વેવનું પ્રમાણ ઓછું રહ્યું હોવાનું હવામાન વિભાગે જણાવ્યું. દક્ષિણ રાજ્યોમાં ચોમાસાનું આગમન ગત વર્ષે ૨૯ મેએ, ૨૦૨૧માં ત્રીજી જૂને અને ૨૦૨૦માં એક જૂને થયું હતું. કેરળમાં ચોમાસાની શરૂઆત દ્વારા ભારતમાં દક્ષિણ-પશ્ચિમમાં ચોમાસાનું આગમન નક્કી કરવામાં આવે છે.

સામાન્ય રીતે દક્ષિણ-પશ્ચિમ ચોમાસું ૧ જૂને કેરળમાં પ્રવેશ કરે છે. ચોમાસું બેસવામાં લગભગ ૭ દિવસનો વિલંબ અથવા વહેલું આવતું હોય છે. આ વર્ષે કેરળમાં દક્ષિમ-પશ્ચિમ ચોમાસાના આગમનમાં થોડો વિલંબ થવાની સંભાવના છે. કેરળમાં ૪ જૂને ચોમાસાના આગમનની સંભાવના છે.

એક તરફ હવામાન વિભાગે ચોમાસાને લઈને પૂર્વાનુંમાન કર્યુ છે. બીજી તરફ ગુજરાતમાં ગરમીથી આંશિક રાહત મળશે. રાજયમાં વાદળછાયું વાતાવરણ રહેવાની સંભાવના છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે વરસાદની આગાહી કરવામાં આવી છે. ૨૮ અને ૨૯ મે એ ગુજરાતમાં વરસાદની આગાહી છે. સૌરાષ્ટ્ર, ઉત્તર અને દક્ષિણ ગુજરાતમાં વરસાદની વરસી શકે છે. પાટણ, મહેસાણા, બનાસકાંઠા, સાબરકાંઠામાં વરસાદની આગાહી છે.

આણંદ, ભરૂચ, અમરેલી, રાજકોટ, ભાવનગરમાં વરસાદની આગાહી કરવામાં આવી છે. અમદાવાદ અને ગાંધીનગરમાં વાદળછાયું વાતાવરણ રહી શકે છે. રાજ્યમાં ભારે પવન ફુંકાવાની શક્યતા છે. જેના પગલે આગામી ૨ દિવસ માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી છે.

બેન્ક ઓફ બરોડા

Regional Office-1, Kalindi Mahavir Society, Godhra-389001, Dist. Pms Mo. 9898867942 / 9979669170

**PUBLIC NOTICE REGARDING SALE OF CONFISCATED VEHICLE**

Hence after taking possession of the vehicle shown below, Following the seizure by the authorized officer of the Bank of Baroda, as per the rules the following account holders have been given due opportunity but failed to pay their dues, so the authorized officer here Has decided to self. For this a proposal (Bid) / Application is sought from the public. for more information contact the authorized officer's Mobile No. **9898867942 / 9979669170**

Vehicle Inspection Location : **Pavan Auto Godhra-Dahod Highway, Godhra Mob. : 9979669170**

| Name of Branch | Account Holder's Name | Vehicle Details | Reserved Price of the Vehicle (Rs.) | Deposit Amount (Rs.) |
|---|---|---|---|---|
| Limdi Branch | Monika Sachinkumar Zamar | GJ-20-AQ-8208 VENUE TURBO GDI MT SX JULY-2021 | Rs. 7,25,000/- | Rs. 72,500/- |
| Faterpura Branch (Dena) | Abhesing Valji Machhar | GJ-20-N-9954 XCENT 1.1 CRDI SX DIESAL 2014 | Rs. 1,80,000/- | Rs. 18,000/- |

**Conditions** : (1) The Inspection dated to vehicle can be done on 29.05.2023 from 11 am to 5 pm at the above mentioned place (2) Sales strictly based on what is where is and what is there" (3) The last date for acceptance of application is 05.06.2023 (4) If the offer (bid) is accepted the successful proposer (bidder) will have to deposit 25% immediately. (5) 10% of the amount paid at the time of application will be conducted in this amount fever of Regional Manager Bank of Baroda Godhra (6) The remaining amount of the sale price has to be deposited within a period of 7 days after the date of acceptance of the offer (bid). (7) Draft / DD (Check or Cash) not acceptable with offer ) to 10% of the reserve place of the vehicle in the name of Bank of Baroda at Regional office Godhra Branch along with the application showing the details of the vehicle will be accepted by post / courier at the following address by 06.06.2023. It is necessary to write "BID FOR CAR" on the sealed cover. Address : Regional Office Bank of Baroda First Floor 1 Kalindi Mahavir Society, Godhra (2) PMS (8) Its is mandatory to enclose a copy of PAN Card and Aadhar Card or Driving License along with the application (9) Vehicle name transfer and other expenses will be borne by the vehicle buyer. (10) All rights to hold / cancel the auction are reserved by the bank and the successful bidder will be notified by phone. no bidder need be present in person.

Date :25/05/2023

Place : Godhra

## વડાપ્રધાન મોદી ફ્રાન્સના નેશનલ ડે પરેડમાં મુખ્ય અતિથિ હશે, ભારતીય ફાઈટર જેટ પણ માર્ચ કરશે

નવીદિલ્હી,

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આ વર્ષે ફ્રાન્સના પેરિસમાં ૧૪ જુલાઈના રોજ બેસ્ટિલ-ડે પરેડના ખાસ અતિથિ હશે. નવી દિલ્હીમાં ફ્રેન્ચ દૂતાવાસે ટ્વિટર પર આ માહિતી આપી હતી. પીએમ મોદી ફ્રાન્સના રાષ્ટ્રીય દિવસની પરેડમાં ભાગ લેનારા ભારતના બીજા વડાપ્રધાન હશે. અગાઉ ૨૦૦૯માં ફ્રાંસની સરકારે તત્કાલિન વડાપ્રધાન ડૉ.મનમોહન સિંહને વિશેષ અતિથિ તરીકે આમંત્રિત કર્યા હતા. ફ્રાન્સમાં લોકતાંત્રિક વ્યવસ્થા માટે ૧૮મી સદીમાં થયેલી ક્રાંતિની મોટી ઘટનાની યાદમાં ઉજવવામાં આવે છે.

વર્ષ ૧૭૮૯માં, ૧૪ જુલાઈના રોજ, આંદોલનકારીઓએ બેસ્ટિલ લશ્કરી કિલ્લા અને જેલ પર દરોડા પાડીને ઘણા કેદીઓને મુક્ત કર્યા હતા. આ ઘટનાએ ફ્રેન્ચ ક્રાંતિને વેગ આપ્યો.



નવી દિલ્હીમાં ફ્રાન્સના દૂતાવાસે લખ્યું છે કે, “૧૪ જુલાઈ એ ફ્રાન્સનો રાષ્ટ્રીય દિવસ છે. તે ફ્રેન્ચ ક્રાંતિ સાથે સંબંધિત છે. આ પ્રસંગે, ફ્રેન્ચ લોકો "સ્વાતંત્ર્ય, સમાનતા અને બંધુત્વ" ના મૂલ્યોની ઉજવણી કરે છે કારણ કે આ મૂલ્યો તેમને એક કરે છે. આ મૂલ્યો ભારતીય બંધારણની પ્રસ્તાવનામાં પણ સમાવિષ્ટ છે.’’ આ પ્રસંગે પેરિસમાં ભવ્ય સૈન્ય પરેડનું આયોજન કરવામાં આવ્યું છે

## હનુમાનજીનો લંકામાં વિરોધ થયો હતો,હું રાજકીય નહીં માત્ર બજરંગબલીની પાર્ટીનો છું : બાગેશ્વર બાબા

સુરત,

બાગેશ્વર ધામના ધીરેન્દ્ર શાસ્ત્રીએ ગઈકાલથી ગુજરાતમાં ધામા નાખ્યા છે. આગામી ૧૦ દિવસ સુધી તેઓ ગુજરાતના અલગ અલગ શહેરોમાં દિવ્ય દરબાર અને કથા કરશે. ત્યારે આજે સુરતમાં નીલગીરી ગ્રાઉન્ડ ખાતે બાબાનો પહેલો દિવ્ય દરબાર સાંજે ૫ વાગ્યે લાગશે. બાબાનાં દર્શન કરવા માટે મુંબઈથી લોકો આવ્યા છે.ધીરેન્દ્ર શાસ્ત્રીએ મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, મારું એક જ લક્ષ્ય સનાતન ધર્મ છે, સૌને કર્મથી હિન્દુ બનાવવા માગું છું. આ વિસ્તારના આદિવાસીઓ વચ્ચે જઈ કથાનું આયોજન કરીશ અને તેમની ઘરવાપસી કરાવીશ. હું કોઈ પણ રાજકીય પાર્ટીનો નથી બધી રાજકીય પાર્ટીના નેતાઓ મારા શિષ્ય છે.



સુરતના બાગેશ્વર ધામના દિવ્ય દરબારમાં સુરક્ષાનો લોખંડી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.ત્યારે આ દિવ્ય દરબાર યોજાય એ પહેલા બાબા બાગેશ્વર ધામ ધીરેન્દ્ર શાસ્ત્રીએ પત્રકાર પરિષદ યોજી હતી. પત્રકાર પરિષદમાં ધીરેન્દ્ર સસ્ત્રીનું નિવેદન આપતા કહ્યું હતું કે, ‘ભારત દેશ હિન્દૂ રાષ્ટ્ર જાહેર થવો જોઈએ, હનુમાનજી લંકા ગયા હતા ત્યારે તેમનો પણ વિરોધ થયો હતો, હું કોઈ પણ પાર્ટીનો નથી, હું એક જ હનુમાનજીની પાર્ટીનો છું. હિન્દૂ રાષ્ટ્ર કેવી રીતે બનાવવું એ મારૂ લક્ષ્ય સનાતન જ છે.

ધીરેન્દ્ર શાસ્ત્રી સુરતમાં દિવ્ય દરબાર યોજશે. ત્યાર બાદ રાજકોટ, અમદાવાદ, વડોદરા અને ગાંધીનગરમાં તેમનો દરબાર યોજાશે. અહીં ખાસ વાત એ છે કે, બાબા બાગેશ્વર માટે સાળંગપુરથી સુરતમાં હનુમાનજીની ગદા આવી છે. હવે બાબા ભારત દેશમાં જ્યાં પણ જશે ત્યાં આ ગદા તેમની સાથે સાથે ફરશે. બાબા હનુમાનજી મહારાજના ભક્ત છે અને એવું કહેવાય છે કે શક્તિ અને હિંદુત્વનું પ્રતિક હનુમાનજીની ગદા છે.

ધીરેન્દ્ર શાસ્ત્રીએ મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, મારું એક જ લક્ષ્ય સનાતન ધર્મ છે, સૌને કર્મથી હિન્દુ બનાવવા માગું છું. આ વિસ્તારના આદિવાસીઓ વચ્ચે જઈ કથાનું આયોજન કરીશ અને તેમની ઘરવાપસી કરાવીશ. હું કોઈ પણ રાજકીય પાર્ટીનો નથી, બધી રાજકીય પાર્ટીના નેતાઓ મારા શિષ્ય છે. મને એક જ પાર્ટીથી જોડવામાં આવે અને એ છે બજરંગબલી.

ધીરેન્દ્ર શાસ્ત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, હવે હું કેટલાક દિવસો ગુજરાતમાં વીતાવીશ. સુરત અને તાપી જિલ્લામાં થતા ધર્મના મુદ્દાને લઈને ધીરેન્દ્ર શાસ્ત્રીએ કહ્યું હતું કે, આગામી દિવસોમાં હું આ વિષયને જાણીને આદિવાસી વિસ્તારમાં કથા કરવાનું ચોક્કસપણે આયોજન કરીશ. હું જંગલોમાં આદિવાસી વિસ્તારોમાં કથા કરી રહ્યો છું. આથી ષડયંત્રો થઈ રહ્યા છે. સનાતન વિરોધી તાકતો પણ લાગે છે, એટલા માટે સિક્યોરિટી આપવામાં આવી રહી છી. સરકારને આઈબીનો રિપોર્ટ મળતો હશે તેના આધારે સિક્યોરિટી આપવામાં આવી રહી છે.

## કેજરીવાલે હવે રાહુલ ગાંધી-ખડગેને મળવાનો સમય માંગ્યો, વટહુકમ સામે વિપક્ષને એક કરવામાં વ્યસ્ત

નવીદિલ્હી,

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે સેવાઓના નિયંત્રણ અંગે કેન્દ્ર દ્વારા બહાર પાડવામાં આવેલા વટહુકમનો વિરોધ કરવા માટે સમર્થન મેળવવા માટે કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે અને પક્ષના નેતા રાહુલ ગાંધી સાથે મુલાકાતની માંગ કરી છે. ૧૯ મેના રોજ, કેન્દ્ર સરકારે ’ડેનિક’ કેડરના ’ગ્રુપ-એ’ અધિકારીઓના સ્થાનાંતરણ અને તેમની સામે શિસ્તભંગના પગલાં માટે ’નેશનલ કેપિટલ પબ્લિક સર્વિસ ઓથોરિટી’ની સ્થાપના કરવાના ઉદ્દેશ્યથી વટહુકમ બહાર પાડ્યો હતો, જેને આમ આદમીએ ફગાવી દીધો હતો. પાર્ટીની સરકારે સેવાઓને નિયંત્રણમુક્ત કરવાના સુપ્રીમ કોર્ટના નિર્ણયની વિરુદ્ધમાં વાત કરી હતી. કેજરીવાલે ટ્વીટ કર્યું, "સંસદમાં કોંગ્રેસનું સમર્થન મેળવવા માટે ભાજપ સરકારના અલોકતાંત્રિક અને ગેરબંધારણીય વટહુકમ અને સંઘીય માળખા પરના હુમલા અને વર્તમાન રાજકીય પરિસ્થિતિ અંગે ચર્ચા કરવા માટે કોંગ્રેસ અધ્યક્ષ ખડગે જી અને રાહુલ ગાંધીજી સાથે મુલાકાતની માંગ કરી છે." નોંધપાત્ર વાત એ છે કે વટહુકમ બહાર પાડવાના એક અઠવાડિયા પહેલા સુપ્રીમ કોર્ટે રાષ્ટ્રીય રાજધાનીમાં પોલીસ, કાયદો અને વ્યવસ્થા અને અન્ય તમામ સેવાઓનું નિયંત્રણ દિલ્હી સરકારને સોંપી દીધું હતું. મુખ્યમંત્રી કેજરીવાલે દિલ્હી સેવાઓ પર નિયંત્રણના મુદ્દે રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી ,શિવસેના (ઉદ્ધવ બાળાસાહેબ ઠાકરે) અને તૃણમૂલ કોંગ્રેસ સહિત વિવિધ રાજકીય પક્ષો પાસેથી સમર્થન માંગ્યું છે.

## ગૃહમંત્રી આસામની મુલાકાત લઈ શકે છે, પરંતુ ૨૨ દિવસથી મણિપુર જઈ શકે તેમ નથી : કોંગ્રેસે અમિત શાહ પર નિશાન સાધ્યું

નવીદિલ્હી,

કોંગ્રેસે ગૃહમંત્રી અમિત શાહની આસામની મુલાકાતને લઈને નિશાન સાધતા કહ્યું કે તેઓ ગુવાહાટી જઈ શકે છે, પરંતુ ૨૨ દિવસથી સળગતા મણિપુરની મુલાકાત લેવાનું યોગ્ય નથી માનતા. રાજ્યમાં હિમંતા બિશ્વા શર્માની આગેવાની હેઠળની ભારતીય જનતા પાર્ટી સરકારના બે વર્ષ પૂર્ણ થવાના અવસરે ત્રણ કાર્યક્રમોમાં ભાગ લેવા શાહ એક દિવસની આસામની મુલાકાતે પહોંચ્યા હતાં

શાહ પર પ્રહાર કરતા કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશે કહ્યું કે, "કેન્દ્રીય ગૃહમંત્રી ગુવાહાટી જઈ રહ્યા છે, પરંતુ ૨૨ દિવસથી સળગતા મણિપુર જવાનું યોગ્ય નથી માનતા." રમેશે કહ્યું, “આ એ જ કેન્દ્રીય ગૃહ પ્રધાન છે, જેમણે કર્ણાટકમાં ૧૬ રેલીઓ અને ૧૫ રોડ-શો કર્યા હતા, પરંતુ તેઓ મણિપુરના લોકો માટે સમય ફાળવી શકતા નથી, જેઓ કહેવાતી વિચારધારા અને રાજનીતિને કારણે ખૂબ પીડાઈ રહ્યા છે. ડબલ એન્જિન સરકાર. બનતું હતું."

કોંગ્રેસે માંગ કરી હતી કે વંશીય હિંસાગ્રસ્ત રાજ્યમાં શાંતિ સ્થાપવા માટે વડા પ્રધાન નરેન્દ્ર મોદી મણિપુરના સમુદાયના નેતાઓની બેઠક બોલાવે. મણિપુરમાં ૩ મેના રોજ રાજ્યના પહાડી જિલ્લાઓમાં ’આદિવાસી એકતા માર્ચ’ યોજવામાં આવ્યા બાદ મણિપુરમાં લગભગ ૬૦ લોકો માર્યા ગયા હતા.

અભીનંદન....
પંચમહાલ સમાચાર દૈનિક
૨૭માં વર્ષમાં મંગલ પ્રવેશ થતાં
બોડીદ્રા અર્થ સે.સ.મં.લી.
તરફથી અભીનંદન....
મુ. છાવડ, તા. ગોધરા, જી. પંચમહાલ

અભીનંદન....
પંચમહાલ સમાચાર દૈનિક
૨૭માં વર્ષમાં મંગલ પ્રવેશ થતાં
બોડીદ્રા અર્થ સે.સ.મં.લી.
તરફથી અભીનંદન....
મુ. તરવડી, તા. ગોધરા, જી. પંચમહાલ

અભીનંદન....
પંચમહાલ સમાચાર દૈનિક
૨૭માં વર્ષમાં મંગલ પ્રવેશ થતાં
શાહ કિરીટકુમાર ઓછવલાલ
તરફથી અભીનંદન....
મુ. છાવડ, તા. ગોધરા, જી. પંચમહાલ

અભીનંદન....
પંચમહાલ સમાચાર દૈનિક
૨૭માં વર્ષમાં મંગલ પ્રવેશ થતાં
ધોળી દૂધ ઉ. સે.સ.મં.લી.
તરફથી અભીનંદન....
મુ. ધોળી, તા. ગોધરા, જી. પંચમહાલ

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# મહીસાગર જીલ્લાના સિંઘનેલી ગામમાં જોઈન્ટ ડાયરેક્ટર પશુપાલન વિભાગના અધ્યક્ષ સ્થાને પ્રાકૃતિક ખેતીની તાલીમ યોજવામાં આવી



મહિસાગર,

મહીસાગર જીલ્લાના સિંઘનેલી ગામ માં નાગણેશ્વરી મંદિરના સાનિધ્ય હેઠળ આજે જોઈન્ટ ડાયરેક્ટર પશુપાલન વિભાગના અધ્યક્ષ સ્થાને પ્રાપ્ત પ્રાકૃતિક ખેતીની તાલીમ યોજવામાં આવી હતી. જેમાં પ્રાકૃતિક ખેતી કરવા માટેની તાલીમમાં ભેગા થયેલ ખેડૂત ભાઈઓ અને બહેનોને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ તાલીમમાં આત્મા પ્રોજેક્ટના અધિકારી કર્મચારીઓ તેમજ પશુપાલન વિભાગના અધિકારીઓ હાજર રહ્યા હતા અને ખેડૂતોને આગામી સમયમાં દરેક ખેડૂતનાના ખેતરમાં ઓછી વધતી પ્રાકૃતિક ખેતી કરીને તેમનો આરોગ્ય સચવાઈ રહે અને ભવિષ્યને પેઢી માટે જમીનમાં ફળદ્રુપતા જળવાઈ રહે તે માટે આહવાન કર્યો હતો.

વધુમાં આ તાલીમમાં જણાવવામાં આવ્યુ હતું કે, પ્રાકૃતિક ખેતી એટલે નહીવત ખર્ચને ખેતી છે અને આ પ્રમાણે ખેતી કરવાથી જમીનની ફળદ્રુપતા જળવાય છે. ગૌ માતાની સાચા અર્થમાં સેવા થાય છે, તેમજ સાથે સાથે મનુષ્યનું આરોગ્ય અને તંદુરસ્તી પણ સચવાઈ રહે છે અને ખેડૂતોની આવકમાં વધારો થાય છે. તેમજ જમીનમાં દુર્લભ જરૂરી અત્યંત મહત્વના સૂક્ષ્મ જીવાણુ બેક્ટેરિયા તેમજ અળસીયા જે ખેડૂતોનો સાચા અર્થમાં મિત્ર ગણાય છે, તેનું પણ રક્ષણ થાય છે.

ખેડૂતોને પ્રાકૃતિક ખેતી કરવા અંગે શપથ પણ લેવડાવ્યા હતા. આ તાલીમમાં પ્રાકૃતિક ખેતીના પાંચ આયામ જેવા કે બીજામૃત, જીવામૃત, આચ્છાદન, વાપસા અને મિશ્ર પાક વિશે સમજ આપીને ઊંડાણપૂર્વક તાલીમ આપવામાં આવી હતી. અંતે આ તાલીમમાં ખેડૂતલક્ષી પ્રશ્નો તેમજ તેના સંતોષકારક જવાબ નિષ્ણાતો દ્વારા હકારાત્મક સમજણ આપવામાં આવી હતી.

# કલેક્ટરની અધ્યક્ષતામાં જીલ્લા સંકલન અને ફરીયાદ સમિતિની બેઠક યોજાઇ


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

જીલ્લા સેવા સદન, દાહોદ ખાતે જીલ્લા સંકલન અને ફરીયાદ સમિતિની બેઠક કલેક્ટર ડો. હર્ષિત ગોસાવીની અધ્યક્ષતામાં યોજાઇ હતી. કલેક્ટરએ તમામ વિભાગોને એક બીજાના સંકલનમાં રહીને પ્રજાકીય પ્રશ્નોનો સત્વરે નિકાલ લાવી જનસુવિધા અને વિકાસના કાર્યોને તીવ્રતાથી આગળ ધપાવવા જણાવ્યું હતું.

બેઠકના પ્રથમ ભાગનો પ્રારંભ જનપ્રતિનિધિઓના પ્રશ્નોથી કરવામાં આવ્યો હતો. બેઠકમાં ધારાસભ્ય મહેશ ભૂરીયા, ધારાસભ્ય મહેન્દ્ર ભાભોર ઉપસ્થિત રહ્યાં હતા. બેઠકમાં જનપ્રતિનિધિઓના પ્રશ્નોનો કલેક્ટરએ સકારાત્મક નિરાકરણ આપ્યું હતું અને સબંધિત અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપી હતી.

ધારાસભ્ય મહેશ ભૂરિયાએ નલ સે જલ યોજના અંતર્ગત ઝાલોદ તેમજ જીલ્લામાં થઇ રહેલી કામગીરી બાબતે જણાવ્યું હતું. તેમણે નલ સે જલ યોજના ગરીબો માટેના પ્રાણપ્રશ્ન સમાન પીવાના પાણીની સમસ્યાનો ઉકેલ હોય યોજનાના અમલીકરણમાં આવી રહેલી બાધાઓને દૂર કરવા જણાવ્યું હતું. કલેક્ટર ડો. ગોસાવીએ આ માટે સબંધિત અધિકારીઓને સૂચના આપી હતી અને વિવિધ ગામોમાં થઇ રહેલી કામગીરીની આકસ્મિક મુલાકાત લઇને ચકાસણી કરવામાં આવશે તેમ જણાવ્યું હતું.

સંકલન બેઠકના બીજા ભાગમાં લોક ફરીયાદ તરીકે આવેલા અરજદારોના પ્રશ્નોનું નિરાકરણ કરાયું હતું. તેમજ સીએમ ડેસ્ક બોર્ડની કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી. કલેક્ટરએ અમલીકરણ અધિકારીઓને યોજનાઓને ઝડપથી પૂર્ણ કરી લોકો સુધી વિકાસના ફળ પહોંચતા કરવા જણાવ્યું હતું. બેઠકમાં વિવિધ વિભાગોના એક બીજા સાથેના સંકલનના પ્રશ્નોનું નિવારણ કરાયું હતું.

બેઠકમાં જીલ્લા વિકાસ અધિકારી ઉત્સવ ગૌતમ, પ્રાયોજના વહીવટદાર સ્મિત લોઢા, નિવાસી અધિક કલેક્ટર એ.બી. પાંડોર, ડીઆરડીએ નિયામક બી.એમ. પટેલ સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

# ગોધરા ખાતે EMRI ગ્રીન હેલ્થ સર્વિસીસ ૧૦૮ દ્વારા ઉજવાયો પાઈલોટ દિવસ

ગોધરા,

આજરોજ ગોધરા ખાતે ગુજરાત સરકાર તથા ઇ.એમ.આર.આઈ ગ્રીન હેલ્થ સર્વિસીસ દ્વારા પાઈલોટ દિવસની ઉજવણી કરાઈ હતી. લોકોની મહામૂલી જીંદગી બચાવવાના ભગીરથ કામમાં સૌથી શ્રેષ્ઠ કામ કરનાર કર્મચારીઓને તેઓના કામ બદલ જિલ્લા કલેકટર આશિષ કુમારના હસ્તે એવોર્ડ આપીને બિરદાવવામાં આવ્યા હતા.

જેમાં મધ્યગુજરાતના પંચમહાલ, દાહોદ, વડોદરા, આણંદ, ખેડા, મહીસાગર અને અરવલ્લી જીલ્લાના કુલ ૨૩ કર્મચારીઓને એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

૧૦૮ ઈમરજન્સી સેવા, ઈએમઆરઆઈ ગ્રીન હેલ્થ સર્વિસીસ દ્વારા ગુજરાત સરકારની લોકભાગીદારીથી આજે વિશ્વાસ અને ચોક્કસાઇના પર્યાયરૂપ મહત્વની કામગીરી કરવામાં આવે છે. આ સેવા પોલીસ, આગ કે આરોગ્ય સંબંધીત ઈમરજન્સી સેવા ૨૪ x ૭ રાજ્યભરમાં પુરી પાડે છે. આ સેવામાં પાઈલોટ (એમ્બ્યુલન્સના ચાલક) કે જે પીડીતને સત્વરે ઈમરજન્સી સારવારમાં મદદરૂપ થવા માટેની મહત્વની કડી છે. આજનો દિવસ ૧૦૮ સેવા અને ઈએમઆરઆઈ ગ્રીન હેલ્થ સર્વિસીસના ઈતિહાસમાં ખુબ જ મહત્વપુર્ણ ગણાય છે.

કોઇપણ કટોકટી સમયે, પ્રત્યેક સેકન્ડ મુલ્યવાન હોય છે ત્યારે ઈમરજન્સી રીસપોન્સ CPR, ફાયરફાઈટીંગ, એસ્ટ્રીકેશન અને પ્રાથમિક સારવાર મહામુલી માનવ જીદંગી બચાવે છે. ઇ.એમ.ટી.ની સાથે સાથે, પીડીતને સલામતીથી હોસ્પિટલ સુધી પહોચાડવા માટે પાઈલોટની ભુમિકા મહત્વની હોય છે. આજનો દિવસ મહામુલી માનવજીદંગી બચાવનારા પાયલોટને સર્મપિત હોય છે.

આ સેવા રાજ્યભરમાં કુલ ૮૦૦ જેટલી અત્યાધુનિક એમ્બ્યુલન્સના કાંફલા સાથે કાર્યરત છે. ૨૯ ઓગસ્ટ, ૨૦૦૭ થી ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ સર્વિસ દ્વારા અત્યાર સુધી કટોકટીની પરિસ્થિતિમાં ૧ કરોડ ૪૭ લાખ કરતાં વધુ ઈમરજન્સીના કિસ્સામાં સેવા પૂરી પાડી છે અને આ ૧૫ વર્ષના સમયગાળામાં ૧૩.૬૫ લાખ કરતાં વધુ લોકોની મહામુલી જીંદગી બચાવી સેવાનું એક ઉમદા ઉદાહરણ પુરૂ પાડેલ છે. ફરજ દરમ્યાન અંગત અને કૌટુંબિક આપદાઓને પણ જાહેરહિતમાં બાજુએ રાખી ફરજ બજાવેલા વિશિષ્ટ કર્મીઓને પણ તેમની કાર્યનિષ્ઠા અને સમર્પણ માટે બિરદાવવામાં આવેલ છે.

# ૨૦૦૦ની નોટ મામલે હવે સોમવારે હાઈકોર્ટમાં સુનાવણી : RBI પાસે ૨૦૦૦ની નોટો ચલણમાંથી પાછી ખેંચવાની સત્તા નથી અરજદાર






નવીદિલ્હી,

દિલ્હી હાઈકોર્ટ હવે ચલણમાંથી રૂ.૨,૦૦૦ની નોટો પાછી ખેંચી લેવાના રિઝર્વ બેક્ન ઓફ ઈન્ડિયાના તાજેતરના નિર્ણયને પડકારતી આઈપીએલની સોમવારે સુનાવણી કરશે. આરબીઆઈના વકીલે આજે કોક્ટને જણાવ્યું કે આ પ્રકારની એક અન્ય અરજી પર સુનાવણી થઈ છે, જેમાં કોર્ટે નિર્ણય સુરક્ષિત રાખી લીધો હતો. એટલે તે સોમવારે આ મામલાની લિસ્ટિંગ ઈચ્છે છે. કોર્ટે આ સાંભળીને મામલાને સોમવાર માટે લિસ્ટ કરી દીધો.

આ પીઆઈએલ એડવોકેટ રજનીશ ભાસ્કર ગુપ્તાએ દાખલ કરી છે. તેમણે પોતાની અરજીમાં કહ્યું છે કે આરબીઆઈ પાસે આવો નિર્ણય લેવા માટે આરબીઆઈ એક્ટ હેઠળ કોઈ સ્વતંત્ર સત્તા નથી. બીજી તરફ, આરબીઆઇ તરફથી હાજર રહેલા વરિષ્ઠ વકીલ પરાગ ત્રિપાઠીએ કહ્યું કે આરબીઆઇનો તાજેતરનો નિર્ણય નોટબંધી નથી અને તે માત્ર કરન્સી મેનેજમેન્ટની કવાયત છે. તેમણે સૂચન કર્યું કે કેસની સુનાવણી આગળ ધપાવવામાં આવે.

મુખ્ય ન્યાયાધીશ સતીશ ચંદ્ર શર્મા અને જે સુબ્રમણયમ પ્રસાદની બેન્ચે પણ કહ્યું કે તેઓ સોમવારે ભાજપના નેતા અશ્વિની ઉપાધ્યાયની અરજી પર ચુકાદો સંભળાવશે. બીજેપી નેતા અને વકીલ અશ્વિની ઉપાધ્યાયે રિઝર્વ બેંક અને સ્ટેટ બેંકના દસ્તાવેજો વગર નોટો બદલવાના આદેશ સામે દિલ્હી હાઈકોર્ટમાં પીઆઈએલ દાખલ કરી હતી. તેઓએ કોઈપણ ઓળખ પુરાવા વિના ૨૦૦૦ની નોટો બદલવાની મંજૂરી ન આપવાની માગ કરી છે. મંગળવારે એટલે કે ૨૩ મેના રોજ કોર્ટે આ અંગે સુનાવણી કર્યા બાદ પોતાનો નિર્ણય સુરક્ષિત રાખ્યો હતો.

ગુપ્તાએ પોતાની અરજીમાં શું કહ્યું છે કે આરબીઆઇ પાસે આવો નિર્ણય લેવાની આરબીઆઇ એક્ટ હેઠળ કોઈ સ્વતંત્ર સત્તા નથી.માત્ર ૪-૫ વર્ષ સર્ક્યુલેશન પછી નોટ પાછી ખેંચવાનો નિર્ણય અન્યાયી અને મનસ્વી છે. કલીન નોટ પોલિસીમાં આરબીઆઈ નકલી અથવા ગંદી નોટોનો નાશ કરે છે, પરંતુ ૨૦૦૦ રૂપિયાના કિસ્સામાં આવું નથી થઈ રહ્યું.આરબીઆઈએ ૧૯ મેના રોજ ૨૦૦૦ની નોટને ચલણમાંથી પાછી ખેંચવાની જાહેરાત કરી હતી. ત્રણ દિવસ પછી એટલે કે ૨૩ મેથી દેશભરની બેંકોમાં આ નોટ બદલવાની પ્રક્રિયા શરૂ થઈ ગઈ. લોકો નોટો બદલવા માટે બેંકોમાં પહોંચી રહ્યા છે. આરબીઆઈએ ૩૦ સપ્ટેમ્બર સુધીમાં ૨૦૦૦ની નોટ બદલવા અથવા ખાતામાં જમા કરાવવા માટે કહ્યું છે.રિઝર્વ બેંકે તેમના પરિપત્રમાં કહ્યું છે કે તે ૨૦૦૦ની નોટને ચલણમાંથી પાછી ખેંચી લેશે, પરંતુ હાલની નોટો અમાન્ય રહેશે નહીં. આરબીઆઈએ જણાવ્યું હતું કે રિઝર્વ બેંકે આ નિર્ણય 'કલીન નોટ પોલિસી' હેઠળ લીધો છે. લોકો કોઈપણ બેંકમાં એક સમયે ૧૦ નોટ બદલી શકે છે, જ્યારે જમા કરાવવાની કોઈ મર્યાદા નથી. ૨ હજારની નોટ નવેમ્બર ૨૦૧૬માં બજારમાં આવી હતી. ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૫૦૦ અને ૧૦૦૦ની નોટ બંધ કરી દીધી હતી. તેના બદલે નવી પેટર્નમાં ૫૦૦ અને ૨૦૦૦ની નવી નોટ બહાર પાડવામાં આવી હતી. જ્યારે અન્ય મૂલ્યોની નોટો પર્યાપ્ત માત્રામાં ઉપલબ્ધ થઈ, ત્યારે ૨૦૧૮-૧૯માં ૨૦૦૦ની નોટોનું પ્રિન્ટિંગ બંધ કરવામાં આવ્યું હતું.

# ઝાલોદના વરોડ ગામે મોટી ટર્બો ગાડીએ બાઈકને ટક્કર મારતાં ત્રણ બાઈક સવાર બેના સ્થળ ઉપર મોત એકને સારવાર માટે ખસેડાયો

દાહોદ,

દાહોદ જીલ્લાના ઝાલોદ તાલુકાના વરોડ ગામે હનુમાનજી મંદીર પાસે રોડ પર પુરપાટ આવતી ટાટા કંપનીની મોટી ટર્બો ગાડી સામેથી આવતી મોટર સાયકલ સાથે ધડાકાભેર અથડાતાં સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં મોટર સાયકલ પર સવાર ત્રણે જણાને ગંભીર ઈજાઓ થતાં તે પૈકીના બે જણાનું સ્થળ પર જ મોત નિપજ્યાનું જાણવા મળ્યું છે. જ્યારે અન્ય એકને સારાવર માટે ઝાલોદના સરકારી દવાખાને ખસેડવામાં આવ્યાનું જાણવા મળ્યું છે.

ગઈકાલે બપોરના એક વાગ્યાના સુમારે એક વાહન ચાલક તેના કબજાના ટાટા કંપનીનો મોટો ટર્બો ઝાલોદથી લીમડી તરફ પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લઈ આવી વરોડ ગામે હનુમાનજી મંદીરની પાસે રોડ પર લીમડીથી ઝાલોદ તરફ જઈ રહેલ જીજે-૨૦ એમ-૬૨૦૩ નંબરની મોટર સાયકલ સાથે ધડાકાભેર અથડાતાં સર્જાયેલ ગમખ્વાર અકસ્માતમાં મોટર સાયકલ પર સવાર ઝાલોદ તાલુકાના સારમારીયા ગામના ભાગોળ ફળિયામાં રહેતા અનીલભાઈ કસુભાઈ વસૈયા, અમીતભાઈ કસનાભાઈ વસૈયા તથા રાહુલઊભાઈ બાબુભાઈ વસૈયા મોટર સાયકલ પરથી ફંગોળાઈ રોડ પર પટકાતાં અનીલભાઈ કસુભાઈ વસૈયા તથા અમીતભાઈ કસનાભાઈ વસૈયાને માથામાં તથા શરીરે જીવલેણ ઈજાઓ થતાં તે બંનેના સ્થળ પર જ મોત થયા હતા જયારે રાહુલભાઈ બાબુભાઈ વસૈયાને શરીરે ગંભીર ઈજાઓ થતાં તેને સારવાર માટે ૧૦૮ મારફતે ઝાલોદ સરકારી દવાખાને ખસેડવામાં આવ્યા હતા.

ઘટનાની જાણ લીમડી પોલીસને કરાતા લીમડી પોલીસ ઘટના સ્થળે તાબડતોબ દોડી આવી હતી અને મરણજનાર અનીલભાઈ કસુભાઈ વસૈયા તથા અમીતભાઈ કસનાભાઈ વસૈયાની લાશનો કબજો લઈ પંચો રૂબરૂ બંનેની લાશનું પંચનામુ કરી બંનેની લાશને પોસ્ટમોર્ટમ માટે ઝાલોદ સરકારી દવાખાને મોકલી આપી હતી. આ સંબંધે સારમારીયા ગામના અરવીંદભાઈ કસુભાઈ વસૈયાએ નોંધાવેલ ફરિયાદને આધારે લીમડી પોલીસે ટાટા કંપનીના મોટા ટર્બાના ચાલક વિરૂધ્ધ ફેટલનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ધાનપુર અલીન્દ્રા ગામે ખેતરમાં પાળો બનાવવા બાબતે તકરારમાં એકને ઈજાઓ

દાહોદ,

દાહોદ જીલ્લાના ધાનપુર તાલુકાના અલીન્દ્રા ગામે ગામ ફળિયામાં ખેતરની વચ્ચે પાળો નાંખવાના મદ્દે થયેલ ઝઘડામાં છુટ્ટા પથ્થરો તેમજ લાકડીઓ ઉછળતા એક જણાને ગંભીર ઈજાઓ થયાનું જાણળા મળ્યું છે.

પ્રાપ્ત વિગત અનુસાર અલીન્દ્રા ગામ ફળિયાના ભુરીયા કુટુંબના ગવાભાઈ જોખલાભાઈ કબલાભાઈ માવસીંગભાઈ, વીરસીંગભાઈ ગવાભાઈ તથા રમેશભાઈ ગવાભાઈ એમ ચારે જણાએ તેમના ફળિયામાં રહેતા નગરસીંગભાઈ ભાવસીંગભાઈ ભુરીયાના ઘરે આવી બેફામ ગાળો બોલી આપણા ખેતરની વચ્ચે પાળો કેમ નાંખેલ છે, તેમ કહી નગરસીંગ ભુરીયાને છુટ્ટા પથ્થરો મારી માથુ લોહીલુહાણ કરી લાકડીના ફટકા મારી ડાબો હાથ પંજાના ભાગેથી ફ્રેક્ચર કરી ગંભીર ઈજા કરી મારી નાંખવાની ધાકધમકીઓ આપી હતી.

આ સંબંધે અલીન્દ્રા ગામના ઈજાગ્રસ્ત નગરસીંગ ભાવસીંગભાઈ ભુરીયાએ નોંધાવેલ ફરિયાદને આધારે ધાનપુર પોલીસે મારામારીનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથધરી છે.

# લુણાવાડા-મોડાસા હાઈવે ઉપર સ્પીડ બ્રેકરને લઈ વડાગામ પાસે ઈકોને અકસ્માત નડતા ૬ લોકોને ઈજાઓ

લુણાવાડા,

લુણાવાડા-મોડાસા હાઈવે રોડ ખાનપુરના વડાગામ પાસે સ્પીડ બ્રેકરના કારણે સર્જાયેલ અકસ્માતમાં ઈકો કારમાં જતાં ૬ લોકોને ગંભીર ઈજાઓ થવા પામી છે. પ્રાપ્ત વિગતો મુજબ લુણાવાડા-મોડાસા હાઈવે રોડ ઉપર ખાનપુરના વડાગામ પાસે રોડ ઉપર મુક્વામાં આવેલ સ્પીડ બ્રેકરના કારણે અવારનવાર અકસ્માત થતા હોય આજે આ સ્પીડ બ્રેકરને કારણે રોડ ઉપરથી પસાર થતી ઈકો ગાડીને અકસ્માત નડ્યો હતો. અકસ્માતમાં ઈકોમાં સવાર ૬ લોકોને ગંભીર ઈજાઓ થવા પામી હતી. સદ્દનસીબે જાનહાનિ ટળી હતી. ઈજાગ્રસ્તોને લુણાવાડા સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા.

# ડ્રાઈવિંગ ટેસ્ટ આપવા આવતા અરજદારોની સગવડતા માટે ડ્રાઈવિંગ ટેસ્ટ લેવાનો સમય ૦૯:૧૫ AM કરવામાં આવેલ છે

મહિસાગર,

સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી, મહિસાગરની અખબારી યાદી જણાવે છે કે, હાલની સ્થિતિએ વધુ ગરમીના કારણે ઓટોમેટેડ ડ્રાઈવિંગ ટેસ્ટ ટ્રેક પર ડ્રાઈવિંગ ટેસ્ટ આપવા આવતા અરજદારોની સગવડતા માટે તા.૧૯-૦૫-૨૦૨૩ થી ડ્રાઈવિંગ ટેસ્ટ લેવાનો સમય ૧૦:૩૦AMની જગ્યાએ ૦૯:૧૫ AM થી કરવામાં આવેલ છે. ઓનલાઈન પરિવહન પોર્ટલ (vahan. parivahn.gov.in) પર સદરહું સુધારો કરી દેવામાં આવેલ છે તે મુજબ ટાઈમ સ્લોટ (સમય) પસંદ કરી એઆરટીઓ કચેરી મહિસાગર ખાતે ડ્રાઈવિંગ ટેસ્ટ માટે આવવા તમામ મોટરિંગ પબ્લિકને જણાવવામાં આવે છે.

# દાહોદ પંચાલ નવ યુવક મંડળ દ્વારા વિશ્વકર્મા મંદિર ખાતે ભવ્ય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન કરાયું

દાહોદ,

દાહોદ શહેરમાં પંચાલ નવયુવક મંડળ, દાહોદ દ્વારા શ્રી વિશ્વકર્મા મંદિર, દાહોદ ખાતે ભવ્ય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ તેમજ પંચાલ નવયુવક મંડળ, દાહોદના ૫૦ વર્ષ પુર્ણ થતાં તે નિમિત્તે સુવર્ણ જયંતિમ મહોત્વનું આયોજન કરવામાં આવેલ છે. આ નિમિત્તે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે.

શ્રી વિશ્વકર્મા મંદિર દાહોદનો ભવ્ય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ તેમજ પંચાલ નવયુવક મંડળ, દાહોદના ૫૦ વર્ષ પૂર્ણતા નિમિત્તે સુવર્ણ જયંતિ મહોત્સવનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં તા.૨૫.૦૫.૨૦૨૩ને ગુરૂવાર નારોજ સત્યનારાયણ ભગવાનની કથા તેમજ સુંદરકાંડ પાઠ (સુંદરકાંડ પાઠ વિશ્વકર્મા રામાયણ મંડળ, દાહોદ દ્વારા) સમય સાંજના ૬:૩૦ કલાકથી, તા.૨૬.૦૫.૨૦૨૩ને શુક્રવાર નારોજ પંચાલ નવયુવક મંડળ, દાહોદના ૫૦ વર્ષ નિમિત્તે સ્વપન સિદ્ધિ અંકનુ વિમોચન સમય રાત્રીના ૮.૦૦ કલાકે, ભજન સંધ્યા (વેશ ભૂસા સહિત) કલાકાર દ્વારકા મંત્રી-દેવાસ વાળા સમય રાત્રીના ૯.૦૦ કલાકે, તા.૨૭.૦૫.૨૦૨૩ને શનિવારના રોજ હવન પૂજા પ્રારંભ સમય સવાર ના ૮.૦૦ કલાકે, મૂર્તિઓની શોભાયાત્રા સમય સાંજના ૪.૧૫ કલાકે, સંગીત મય આંદનો ગરબો તેમજ રાશ ગરબા (આનંદ નો ગરબો વિશ્વકર્મા પંચાલ મહિલા મંડળ, દાહોદ દ્વારા) સમય રાત્રીના ૯.૦૦ કલાકે, તા.૨૮.૦૫.૨૦૨૩ને રવિવારના રોજ કળશ યાત્રા સમય સવારના ૮.૧૫ કલાકે, દિનેશ ગજ્જર લેખિત વિશ્વકર્મા પુરાણ આધારીત નવી પેઢીનું નાટક સર્જનહાર નુ સ્વરૂપ રાત્રીના ૯.૦૦ કલાકે તા.૨૯.૦૫.૨૦૨૩ને સોમવારના રોજ, પૂર્ણાહુતિ બપોરના ૩.૧૫ કલાકે, યજ્ઞશાળા સ્થળ વિશ્વકર્મા મંદિર પંચાલ સમાજની વાડી, દાહોદ ખાતે રાખવામાં આવેલ છે. સાંસ્કૃતિક કાર્યક્રમ તેમજ ભોજનશાળા સ્થળ રામાનંદ પાર્ક, એમ.જી.વી.સી.એલ. બ્રિજ પાસે, દાહોદ ખાતે રાખવામાં આવેલ છે.

# આપની આજ.......

મેષ : આજનો દિવસ તમારા માટે લાભદાયી છે. જો તમારું પ્રમોશન લાંબા સમયથી બંધ છે તો આજે તમને લાભ મળી શકે છે. આજે તમારી વાણીથી તમે ખૂબ મોટા અધિકારીને તમારા તરફ આકર્ષિત કરી શકશો.

વૃષભ : આજનો દિવસ તમારા માટે શુભ છે અને આજે તમે કરેલા કામ પરિવારનું માન વધારશે, સમગ્ર પરિવારનું ગૌરવ વધારશે. આજે તમને તમારી નિર્ણય લેવાની ક્ષમતાનો લાભ મળશે.

મિથુન : આજનો દિવસ તમારા માટે ફાયદાકારક છે અને તમને કોઈ કિંમતી વસ્તુથી લાભ થવાની સંભાવના છે. જો તમે નોકરી કરો છો તો અધિકારમાં વધારો થશે. શત્રુઓ પણ તમારી હિંમત અને બહાદુરીની આગળ હારશે અને તમે તમારા ઉદ્દેશ્યોમાં સફળ થશો.

કર્ક : આજનો દિવસ તમારા માટે થોડો મુશ્કેલ હોઈ શકે છે અને જો કોઈ કેસ અથવા અન્ય કોઈ તપાસ ચાલી રહી છે તો આજે સમય સાથ નહીં આપે. ઝડપી નિર્ણયો લેવામાં નિષ્ફળતા, વિક્ષેપો નડી શકે છે.

સિંહ : તમારો દિવસ ભક્તિમાં પસાર થવાનો છે. તમે ગુરુ અથવા ભગવાન પ્રત્યે સંપૂર્ણ વફાદાર રહેશો. તમે તમારી બુદ્ધિ અને વિવેકથી કંઈક નવું કરવાનો પ્રયાસ કરશો. તમે રોકાયેલા પૈસા પ્રાપ્ત કરશો. સાંજે કોઈ અકસ્માતના કારણોને લીધે તમારું મન પણ ઉદાસ થઈ શકે છે.

કન્યા : આજનો દિવસ તમારા માટે ખુશીનો દિવસ રહેશે અને બાળકોનું સારું વર્તન તમને ખુશ કરશે. માતા-પિતાના આશીર્વાદ લો અને કોઈ ખાસ કાર્યમાં તમને સફળતા મળશે. ભૌતિક સુખ સુવિધાઓ વધશે. આવકના નવા માર્ગો બનાવવામાં આવશે. સાંજે કોઈ ધાર્મિક કાર્યક્રમમાં સાંજે ભાગ લઈ શકો છો.

તુલા : આજનો દિવસ તમારા માટે ખુશીનો દિવસ છે અને તમારી પાસે શારીરિક તાકાત અને ઉત્સાહ વધુ રહેશે, પરંતુ બિનજરૂરી ખર્ચા આવશે જે તમારે ઈચ્છા વિના પણ મજબૂરીમાં કરવા પડશે. પ્રમોશન ચોક્કસપણે આજે મળશે.

વૃશ્ચિક : વેપારીઓ માટે આજનો દિવસ ખૂબ ખાસ છે. તમારા બિઝનેસમાં કેટલાક નવા બદલાવ આવશે, જે તમને લાભ આપશે. આજે તમારા અધિકારોમાં વધારો થશે, જેના કારણે તમને નાણાકીય લાભ અને આદર મળશે. આજે તમને પરિવાર તરફથી કોઈ સારા સમાચાર મળશે. મહેમાનો સાથે સાંજનો સમય વિતાવી શકો છો.

ધન : આજનો દિવસ એવો છે કે તમારે ખાસ ધૈર્યથી કામ કરવું પડશે અને ઉતાવળમાં કરવામાં આવેલું કામ નુકસાન પહોંચાડી શકે છે. તમારી શારીરિક સુખ-સુવિધાઓ વધશે. નવા કામો સંબંધિત ભવિષ્યમાં લાભ થશે.

મકર : આજનો દિવસ તમારા માટે વ્યસ્ત રહેવાનો છે. તમારા અધિકારો વધવાની સાથે સાથે જવાબદારીઓ પણ વધશે અને તમારી ઉપર જવાબદારીઓનો બોજો આવી શકે. તમે હૃદયથી બીજાની ભલાઈ અને સેવા કરવા માટે સારું કામ કરી રહ્યા છો.

કુંભ : આજે વિચારપૂર્વક નિર્ણય લેવાનો દિવસ છે. સરકારી ક્ષેત્રને લગતા કામમાં સાવધાનીપૂર્વક કામ કરવું. આજે અધિકારીઓ અને વરિષ્ઠ લોકો સાથે સંકલન રાખવું પડશે. સાંજથી રાત સુધીમાં ઓછી માત્રામાં નાણાંનું નુકસાન થઈ શકે છે.

મીન : આજનો દિવસ મુશ્કેલ છે. સ્વાસ્થ્ય સંબંધિત તમે પરેશાન થશો. પેટ સાથે સંબંધિત સમસ્યા મુશ્કેલીકારક હોઈ શકે છે. જો તમારે કોઈ નાણાકીય સંસ્થા અથવા કોઈ વ્યક્તિ પાસેથી લોન લેવી હોય તો તે સરળતાથી મળી રહેશે.

## દાહોદમાં બીજેપી જુના કાર્યાલય પાસે પાલિકા શોપીંગ સેન્ટરની ધુળખાતી ૧૪ દુકાનો વેપારીઓને ફાળવવા માંગ

દાહોદ,

દાહોદ ભાજપના જુના કાર્યાલય સામે નગરપાલિકા દ્વારા બનાવવામાં આવેલ પાર્કિંગની સુવિધા યુક્ત ૧૪ જેટલી દુકાનો વાળું શોપિંગ સેન્ટર કે જે છેલ્લા પાંચ વર્ષથી કોઈને કોઈ કારણોસર ધૂળ ખાઈ રહ્યું છે. તેની ધૂળ સાફ કરી આ શોપિંગ સેન્ટર ની દુકાનો જેની દુકાનો તોડી પાડવામાં આવી છે તેવા વેપારીઓ પૈકી ૧૪ જેટલા જરૂરતમંદ વેપારીઓને સરકારી ધારા ધોરણ મુજબ ફાળવવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે. દાહોદ શહેરમાં સ્માર્ટ સિટી અંતર્ગત રસ્તા પહોળા કરવાની કામગીરીમાં અડચણરૂપ ગેરકાયદે કાચા પાકા દબાણો દૂર કરવાની કામગીરી તંત્ર દ્વારા છેલ્લા ૨૦ દિવસથી કરવામાં આવી રહી છે શહેરના જુદા જુદા વિસ્તારોમાંથી ૫૦૦ જેટલી દુકાનો તોડી પાડવામાં આવતા તે દુકાનદારો રોજગાર વિહોણા થયા છે. તંત્રની આ કામગીરીનો મોટાભાગના દુકાનદારોએ વિરોધ કર્યો હતો. એક વિસ્તારમાં તો દુકાનો તૂટતી બચાવવા યા સામાન ખસેડવાનો સમય વધારવા ખુદ પાલિકા પ્રમુખ, પક્ષના નેતા તેમજ ભાજપ શહેર પ્રમુખ વગેરેને



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

મેદાનમાં ઉતરવું પડ્યું હતું. તેમ છતાંય તેઓને તેમાં સફળતા મળી ન હતી. ત્યારબાદ મોડે મોડે પણ રોજગાર વિહોણા બનેલા વેપારીઓની મદદે દાહોદના સાંસદ તથા ધારાસભ્ય દોડી આવ્યા અને વેપારીઓ માટે વૈકલ્પિક વ્યવસ્થા કરી આપવા રાજ્યના મુખ્યમંત્રીને લેખિત રજૂઆત કરવા પોતાના ડેલિગેટ સાથે મુખ્યમંત્રીને રૂબરૂ મળ્યા હતા. જેના પ્રતિભાવ રૂપે રાજ્યના મુખ્યમંત્રીએ આ મુદ્દે ઘટતું કરવાની હૈયા ધારણ આપી છે. આમ પણ એક સાથે આટલા બધા રોજગાર વિહોણા વેપારીઓની તાત્કાલિક વૈકલ્પિક વ્યવસ્થા કરવી સહેલી નથી. આ માટે સમય પણ જોઈએ.

હાલ દાહોદ નગરપાલિકા દ્વારા જુના ભાજપ કાર્યાલય સામે આવેલ સીટી સર્વે નંબર ૩૪૦માં અંદાજે રૂપિયા ચાર થી સાડા ચાર કરોડના ખર્ચે ભોયરામાં પાર્કિંગની વ્યવસ્થા સાથેનું ૧૪ દુકાનો વાળું શોપિંગ સેન્ટર વર્ષ ૨૦૧૮ માં બનાવવામાં આવ્યું હતું. આ શોપિંગ સેન્ટર ને બન્યાને પાંચ વર્ષ થઈ ગયા તેમ છતાં આ શોપિંગ સેન્ટર કોઈને કોઈ કારણસર છેલ્લા પાંચ વર્ષથી ધૂળ ખાઈ રહ્યું છે. આ શોપિંગ સેન્ટર દાહોદ નગરપાલિકાએ પોતાની પાસેનું સ્વભંડોળ ખર્ચીને બનાવ્યું હોવાનું પણ પાલિકાના આંતરિક વર્તુળો દ્વારા જાણવા મળ્યું છે. આ જનતાના ટેક્સના નાણાથી બનેલ આ શોપિંગ સેન્ટર અત્યાર સુધી ધૂળ ખાઈ રહ્યું છે. તેની પાછળનું કારણ શું? આ શોપિંગ સેન્ટર માટે પાલિકાએ વહીવટી, સૈદ્ધાંતિક તેમજ તાંત્રિક મંજૂરી લીધી છે કે નહીં? અને લીધી હોય તો છેલ્લા પાંચ વર્ષથી આ શોપિંગ સેન્ટર શા માટે ધૂળ ખાઈ રહ્યું છે? અને વહીવટી સૈદ્ધાંતિક તેમજ તાંત્રિક મંજૂરી ન મળી હોય તો તેની પાછળનું કારણ શું? આ તમામ બાબતો ના જવાબો આપવાના મામલે પાલિકાના સંલગ્ન વિભાગના અધિકારીઓ આઘા પાછા થતા જોવા મળ્યા હતા અને જવાબો પણ નરોવા કુંજરોવા જેવા આપ્યા હતા. હાલ નગરપાલિકા પાસે આ શોપિંગ સેન્ટર છે, તેમાં જો દુકાનો ફાળવવામાં આવે તો કમ સે કમ ૧૪ જેટલા વેપારીઓ તો પોતાના ધંધા રોજગાર શરૂ કરી શકે તેમ છે. આ શોપિંગ સેન્ટરની દુકાનોની હરાજી કેમ કરવામાં આવતી નથી? તેની પાછળનું કારણ શું? તેવા વેધક પ્રશ્નો જન માનસમાં વાગોળાઈ રહ્યા છે. ત્યારે પાલિકાના સત્તાધીશો પાસે આના સાચા જવાબો છે ખરા????

## દાહોદમાં નવીન શોપીંગ સેન્ટર બનાવવા અને આદિવાસીને ૫૦ ટકા દુકાનો ફાળવવા આવેદન

દાહોદ,

દાહોદ નગરપાલિકા હસ્તકના શોપિંગ સેન્ટરો તેમજ સ્માર્ટ સિટી અંતર્ગત ડીમોલિશન કામગીરી બાદ પાલિકા દ્વારા આગામી સમયમાં નવીન શોપિંગ સેન્ટર નિર્માણ કર્યા બાદ સરકાર દ્વારા નક્કી કરેલા ધારાધોરણ તેમજ નિયમો અનુસાર હરાજી કરી દુકાનો ફાળવવા તેમજ આ દુકાનોમાં આદિવાસી સમાજને ૫૦% અનામતનો લાભ મળે તે બાબત.



મધ્ય ગુજરાતમાં સમાવિષ્ટ આદિવાસી બાહુલ્ય ધરાવતા દાહોદ જીલ્લામાં ૭૫ % કરતાં વધુ આદિવાસી સમાજની વસ્તી હોવાથી આ જીલ્લો અનુસૂચિત વિસ્તાસર (શિડ્યુલ ફાઈવ) એરિયામાં આવતો હોઈ તેમજ આ વિસ્તારમાં કોઈ મોટા ઉદ્યોગો કે રોજગાર ન હોવાના કારણે આ વિસ્તાર માત્ર ખેતી આધારિત વિસ્તાર છે અને તેમાંય સિંચાઈના પ્રશ્નો ઉદ્દભવતા અમારા આદિવાસી સમાજના ભાઈઓ તથા બહેનો પોતાનો પેટીયું રળવા તેમજ પરિવારજનોના ગુજરાન કરવા માટે પરિવાર સાથે ગુજરાતના મોટા શહેરોમાં હિજરત કરવા માટે મજબૂર થયા છે. તાજેતરમાં સ્માર્ટ સિટી અંતર્ગત દાહોદમાં રસ્તા પહોળા કરવા માટે વહીવટી તંત્ર દ્વારા નગરપાલિકા હસ્તકના શોપિંગ સેન્ટરો તેમજ અન્ય દબાણો તોડી પાડવામાં આવેલ છે. તેમાં હાલ દાહોદ નગરપાલિકામાં સામાન્ય સભામાં ઠરાવ કરી જુના દુકાનદારોને પુનઃસ્થાપિત કરવા નવી દુકાનો બનાવી આપવા માટે ઠરાવ કરેલ છે. જે સંપૂર્ણ રીતે ગેરવ્યાજબી અને ગેરબંધારણીય છે. આ અગાઉ પણ દાહોદ નગરપાલિકા દ્વારા દુકાનદારોને નિયમો વિરૂદ્ધ જઈ દુકાનો ફાળવી દીધી હતી.અને તેમાં સરકાર દ્વારા નક્કી કરેલા વિવિધ ધારાધોરણ જેવા કે ક્રમાંક પીએમસી-૭૯૭૬-૭૫૨૮-પી પંચાયત ગૃહ નીર્માણ અને શહેરી વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તા.૧૫/૧૨/૧૯૭૬, (રોસ્ટર અધિનિયમ) ભારતના સંવિધાનના આર્ટીકલ ૨૪૪-૧, ૧૯(૫)(૬) નું પાલન કરવામાં આવ્યું નહોતું.જેના પગલે વર્ષોથી એક ચોક્કસ સમાજને તેમના સમાજમાંથી ચૂંટાયેલા પ્રતિનિધિઓ દ્વારા યેનકેન પ્રકારે ફાયદો પહોંચાડવામાં આવ્યો છે. જેમાં તમામ નિયમોને નેવે મૂકી દેવામાં આવ્યા છે.નગરપાલિકા પોતાની આવકનો સ્ત્રોત ઊભો કરવા શોપિંગ સેન્ટરો જો નવા બનાવે તો દાહોદ શહેરમાં વસતા તમામ સમાજ તેમજ આદિવાસી સમાજ જેને હર હંમેશ સંવિધાન પ્રમાણે ૫૦% અનામતનો લાભ મળે છે.તે પ્રમાણે અમોને પણ અમારા સંવિધાનમાં આપેલા હકો મુજબ નિયમો અનુસાર દુકાનો ફાળવવામાં આવે તેમજ નગરપાલિકા દ્વારા બનાવેલા અન્ય શોપિંગ સેન્ટરોમાં જે દુકાનદારો ભાડુઆત તરીકે વર્ષોથી ચાલી રહ્યા છે. તેઓ માટે પુનઃનિયમો અનુસાર દુકાનોની હરાજી બોલાવી દુકાનોની ફાળવણી કરવામાં આવે તો તમામ સમાજને તેમજ આદિવાસી સમાજને લાભ મળી શકે તેમ છે. એટલે સરકારમાંથી નક્કી કરેલા નિયમો અનુસાર નગરપાલિકા હસ્તકના શોપિંગ સેન્ટરોમાં કાયદેસરની હરાજી કરવામાં આવે અને તેમા આદિવાસી સમાજને ૫૦% અનામતનો લાભ મળે તે આપ ને નમ્ર વિનંતી છે. બીજું આપને વિદિત થાય કે આદિવાસી બાહૂલ્ય ધરાવતા દાહોદ જીલ્લામાં ઘણા બધા ભણેલા ગણેલા બેરોજગાર તેમજ જરૂરિયાતમંદ યુવાનો તેમજ બહેનો રોજગારીની તક શોધવા દર-દર ની ઠોકરો ખાઈ રહ્યા છે. તેવા સમયે આપ દ્વારા નગરપાલિકા હસ્તકના શોપિંગ સેન્ટરોમાં નિયમો અનુસાર પુનઃ હરાજી કરાવી દુકાનો ફાળવવામાં આવે અને તેમાં અમારા આદિવાસી સમાજને ૫૦ ટકા અનામતનો લાભ મળે તો અમારા આદિવાસી સમાજના બેરોજગારો યુવાનો તેમજ જરૂરિયાતમંદ બહેનોને રોજગાર મળી રહેશે. સાથે સાથે આદિવાસી સમાજ વેપાર ક્ષેત્રે પર આગળ વધવા માંગતો હોય બંધારણીય જોગવાઈઓ અનુસાર અમોને વેપાર કરવા માટે દુકાનો ફાળવવામાં આવે તો આદિવાસી સમાજ પણ પછાત વિસ્તારમાંથી બહાર આવી વિકાસની મુખ્ય ધારામાં આવી શકશે.

## નશામાં ધૂત સંજેલીમાં ફરજ બજાવતા TDOએ બાકોર નજીક વડોદરાના પરીવારની કારને ટક્કર મારી

દાહોદ,

દાહોદ જીલ્લાના સંજેલી તાલુકા ના તાલુકા વિકાસ અધિકારીએ સ્ટાફ ક્વોટર કે ભાડે ઘર લેવાને બદલે કચેરીને જ ઘર બનાવી તેના ઉપરના માળે રહેતા હતા. જોકે એકાએક તબિયત બગડતા ઘસી આવેલા પરિવાર તેમને વતન લઈ ગયા હતા. આ ઘટનાની ચર્ચા સંજેલી નગરમાં ચર્ચાનો વિષય બન્યો હતો. ટીડીઓએ તાલુકા પંચાયતમાં જ રહેવા માટે ભાડાનું મકાન લેવાને બદલે તાલુકાની બિલ્ડિંગમાં જ ઉપરના માળે જ રેસિડેન્ટ બનાવી દીધું હતું. છેલ્લા બે દિવસ સુધી તાલુકા પંચાયત ઉપર થી ઉતર્યા જ નથી. આ ઉપરાંત સરકારના નિયમોને નેવે મૂકી તાલુકા પંચાયત કચેરી રામ ભરોસે હોય તેમ છેલ્લા પાંચ દિવસનો સમય



થઈ ગયો હોવા છતાં તાલુકા પંચાયતના તાલુકા વિકાસ અધિકારીનો ચાર્જ કોઈને સોંપવામાં આવ્યો જ ન હતો. ત્યારબાદ ૨૭ એપ્રિલ નારોજ આસિસ્ટન્ટ ઝઉઘ મકવાણાને ચાર્જ આપી ઘરે જતા રહ્યા હતા. ત્યારબાદ ૨૨ મેના રોજ વડોદરાના વકીલ પરિવાર રાજસ્થાનથી ફરીને પરત આવતા બાબલીયા ચોકડી પાસે સંજેલીમાં ફરજ બજાવતા ટીડીઓ નશામાં ધૂત કાર ચલાવીને વડોદરાના વકીલની કારને ધડાકેભેર અથડાવી દેતા કારને નુકસાન પહોંચાડીને વકીલના પરિવારને નુકસાન કરીને વકીલે બાકોર પોલીસ સ્ટેશન મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી અકસ્માત સર્જનાર કાર પર તાલુકા વિકાસ અધિકારીનું બોર્ડ લગાવેલું હતું. અકસ્માત સર્જનાર કાર પાસે વકીલ પહોંચતા ચાલકે નશો કરેલ હોવાનું જાણવા મળ્યું હતું અને વકીલે તેનું નામ પૂછતા પોતાનું ઓળખ ભુપેન્દ્રભાઈ ધુળાભાઈ સોલંકી પાલનપુર ટીડીઓ તરીકે આપ્યું હતું. હું સરકારી અધિકારી છું, તમારી વિરૂદ્ધ કાર્યવાહી કરીશ તેમ જણાવી ટીડીઓએ વકીલને ધમકી આપતા હતા. ટીડીઓ સરકારી કર્મચારી દારૂ પીને ગાડી ચલાવતા હોવાના આક્ષેપ સાથે કારને અકસ્માત સર્જી કારને નુકસાન પહોંચાડ્યું હોવાની ફરિયાદ બાકોર પોલીસ મથકે નોંધાવતા પોલીસે વધુ તપાસ આથ ધરી છે.

## ફતેપુરાના ટ્રાયબલ યુવાને UPSC કિલયર કરી વધાર્યું દાહોદ જીલ્લાનું ગૌરવ

દાહોદ,

દાહોદ જીલ્લાને આમ તો આદિવાસી જીલ્લા તરીકે ગણવામાં આવે છે અને જીલ્લાની છાપ પછાત જીલ્લા તરીકેની છે, પરંતુ દાહોદ જીલ્લો પણ વિકાસમાં હવે બધી રીતે હરણફાળ ભરતો હોય તેવો ધરા તલ પર જોવાઈ રહ્યું છે અને તેનું જ ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરૂં પાડતા દાહોદ જીલ્લાના ફતેપુરા તાલુકાના ફતેપુરા ગામના જાંબુખંડ વિસ્તારમાં રહેતા યુવાન કેયુર પારગી એ સાબિત કરી બતાવ્યું છે. કેયુર પારગી નાનપણથી જ એક ખેડૂત પરિવારમાં જન્મ્યા હતા અને તેઓના માતા પિતા પણ પોતે વ્યવસાય શિક્ષક હતા અને પોતે શિક્ષક હોય માતા પિતાએ બે પુત્રો અને પુત્રીને સારૂં શિક્ષણ આપવા માટે પહેલેથી કમરકસી હતી. જેના ભાગરૂપે કેયુર પારગી ૧૨ માં ધોરણનો પોતાનો અભ્યાસ જવાહર નવોદય વિદ્યાલય માંથી સારા માર્ક્સ સાથે પાસ કરી અને આઈઆઈટી રૂરકીમાંથી તેમને ગ્રેજ્યુએશન કર્યું હતું.



ગ્રેજ્યુએશન કર્યા પછી તેઓ રાજસ્થાન ખાતે એક કંપનીમાં સર્વિસમાં જોડાયા હતા અને બે વર્ષ સર્વિસ કર્યા બાદ સર્વિસ કર્યા બાદ તેઓને ૨૦૨૦ માં અચાનક સિવિલ સર્વિસીસમાં જોડાવાનો મોંહ જાગ્યો અને તેમને થયું કે મારે મારા માટે કંઈક કરવું જોઈએ તો તેમને નોકરી છોડી અને સિવિલ સર્વિસિસની એક્ઝામ ની તૈયારીઓ શરૂ કરી અને તેમને પહેલા અટેમમાં તેઓ તેઓએ છ જ મહિનામાં પરીક્ષા આપી હતી. જેના કારણે તેઓ સક્સેસ થયા ન હતા અને બીજા ટાઈમમાં માત્ર એક માર્કથી તેઓ યુપીએસસી કિલયર ન કરી શક્યા હતા. ત્યારબાદ ત્રીજા અટેમ્પમાં તેમને પૂરેપૂરી તૈયારી કરી અને જાતે જ પોતે વાંચી અને તૈયારીઓ કરતા હતા અને તેઓએ ટેસ્ટ માટેની કોચિંગ ક્લાસીસ અટેન્ડ કરી હતી. જેના ભાગરૂપે પોતાના અથાગ પ્રયાસો મહેનત લગન અને પોતાની ધકાસના કારણે તેઓએ આ વખતે આપેલી યુપીએસસી એક્ઝામમાં તેઓ ૮૬૭ નંબરે યુપીએસસી પાસ કરી હતી અને તેઓએ માત્ર તેમના ફતેપુરા ગામનું જ નહીં પણ દાહોદ જીલ્લાની સાથે સાથે ગુજરાતનું પણ ગૌરવ વધાર્યું હતું અને ખાસ કરીને ટ્રાઈબલ કોમ્યુનિટી માટે તેઓએ એક ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરૂં પાડ્યું હતું અને ગવર્મેન્ટ શાળામાંથી ભણીને પણ યુપીએસસી જેવી કઠિન પરીક્ષાઓ આપણે પાસ કરી શકીએ છીએ અને આઈઆઈટી રૂરકીમાં ભણી શકીએ છીએ તેવો દાખલો દાહોદ જીલ્લાના એવો દાખલો વિદ્યાર્થીઓ માટે તેમને પૂરો પાડ્યો હતો અને તેમને જણાવ્યું હતું કે યુપીએસસીની પરીક્ષા આપવા માટે તેઓએ જ્યારે પહેલી વખત નોકરી છોડવાની વાત કરી તો તેમના પિતા એક વખત તો વિચારમાં પડી ગયા હતા અને નોકરી છોડી અને પરીક્ષા આપવી કે કેમ તે અસમંજસની સ્થિતિમાં આવી ગયા હતા, પરંતુ કેયુરભાઈ પોતે મક્કમ હોય અને મારે પરીક્ષા આપવી જ છે અને હું ક્લિયર કરીશ તેવો વિશ્વાસ તેમના પિતાને અપાવ્યો હતો અને જેના કારણે તેમના પિતા તેમની આ વાત સાથે સંમત થયા અને તેમને નોકરી ત્યાગ કરી અને તેઓ યુપીએસસીની પરીક્ષાની તૈયારી કરવા માટે દિલ્હી ગયા હતા. તેમને બીજું પણ જણાવ્યું હતું કે તેમની માતાનો પણ તેમને ખૂબ મોરલ સપોર્ટ રહ્યો છે. નાનપણથી પોતે ભણવાની ધગશ હોવાનું તેમના પિતા એ જણાવ્યું હતું, મને મારા મિત્રોએ પણ બધી રીતે સપોર્ટ કર્યો છે. જેના કારણે હું આજે આટલો સક્સેસ થયો છું અને યુપીએસસી ક્લિયર કરી શક્યો છું.

## દાહોદ ઝાયડસ હોસ્પિટલમાં ફેમીલી અડોપશન પ્રોગ્રામનું ઉદ્દઘાટન કરાયું

દાહોદ,

દાહોદ ઝાયડસ સિવિલમાં આજે ફેમિલી અડોપશન પ્રોગ્રામનું ઉદઘટ્ટાન સિવિલ ના ઝ્ર દ્વારા આજે તા.૨૬/૦૫/૧૦૨૩ને શુક્રવારના રોજ કરવામાં આવ્યું હતું. આ અડોપશન પ્રોગ્રામ મેડિકલ અભ્યાસનો એક ભાગ છે. આ વોલેન્ટરી અભ્યાસ નથી આ કમ્પલ્સરી તમારા કોર્સનો એક ભાગ છે. આ પરિવાર અડોપશનનો મુખ્ય હેતુ કોમ્યુનિકેશન સ્કીલ અને વિશ્વાસ પ્રસ્થાપિત કરવાનો છે. બીજો હેતુ ગ્રામ્ય વિસ્તારની પરિસ્થિતિની જાણકારી મેળવવાનો છે અને આ અભ્યાસ થકી સરકારી આરોગ્ય લક્ષી યોજનાઓની જાગૃતિનો છે. આ પરિવારો ના ડેટા ભેગા કરી તેનું વિશ્લેષણ કરવું મુખ્ય અને મહત્વનું કે આ પરિવારોની બીમારીઓ, નાદુરસ્ત તબિયત અને કુપોષણ વિશે ચકાસણી કરી તેનું વિશ્લેષણ કરી તેની સારવાર કરી અને તે સ્તરે તેમના પરિવારની આરોગ્ય સ્તરે પરિસ્થિતિમાં મોટા પાયે સુધાર લાવી નિરોગી પરિવાર બનાવી તેના થકી ગામ અને શહેર, જિલ્લો, રાજ્ય અને દેશ સ્તરે આરોગ્ય લક્ષી આ પ્રોગ્રામ ચલાવી સ્વસ્થ ભારતનો હેતુ સર કરવાનો છે.

જેમાં વિદ્યાર્થીઓ ગામમાં જઈ એક વિદ્યાર્થી એક પરિવાર ને એડોપ્ટ કરે છે અને તે પરિવારના દરેક સભ્યોનું મેડિકલ ચેકઅપ કરે છે અને જેમને જે કોઈ તકલીફ હોય કે બીમારીનું નિદાન થશે તેની સારવાર તેઓ પોતે કરાવશે અને તેમને વિના મૂલ્યે કેવી રીતે સારવાર અને તેઓ પોતે કરાવશે અને તેમને વિના મૂલ્યે કેવી રીત સારવાર અન ક્યાં મળશે અને સરકારની આરોગ્યની કઈ યોજનાઓ છે અને તેમને કેવી રીતે લાભ લેવો જોઈએ આ તમામ વસ્તુઓ નું એક વિદ્યાર્થી દરેક દત્તક લીધેલા પરિવાર સાથે તેમના એક સભ્ય બની ચાર વર્ષ સુધી તેમની આ દરેક બાબતોનું દયાન રાખશે અને દાહોદમાં દર વર્ષે ૨૦૦ વિદ્યાર્થીઓ ૨૦૦ પરિવારોને દર વર્ષે દત્તક લઈ આ પ્રોગ્રામ થકી ગ્રામ્ય વિસ્તારમાં લોકોનું આરોગ્ય અને જીવન નિરોગી બને તે માટે સદંતર પ્રયાસો કરવામાં કાર્યરત રહશે.

## સંજેલીના ચમારીયા ગામે ડી.જે. ટેમ્પાએ બાઈકને અડફેટમાં લઈ ટેમ્પાને પલ્ટી ખવડાવી દેતા નાશભાગ

દાહોદ,

દાહોદ જીલ્લાના સંજેલી તાલુકાના ચમારીયા ગામે DJ ના ટેમ્પાએ ઈકો કાર સહીત બાઈકને અડફેટમાં લીધા બાદ પલ્ટી મારતા નાસભાગ મચી. સંજેલી તાલુકાના ચમારીયામા ડીજે ભરેલો ટેમ્પાએ ફ્રી સેવા આપતી પશુ દવાખાનાની ગાડી સહિત બાઈકને ટક્કર મારી ડીજે નો ટેમ્પો રોડની સાઈડના ખાડામાં પલટી મારી હતી. સદ્દનસીબે મોટી જાનહાની ટળી. સિંગવડ તાલુકાના મેથણ ગામ થી જાન ચમારીયા ખાતે આવતી વેળાએ કન્યાનું ઘર આવતા પહેલા જ અકસ્માત સર્જાયો સદ્દનસીબે કોઈ જાનહાની ટળી હતી. સિંગવડ તાલુકાના મેથાણથી સંજેલી તાલુકાના ચમારીયામાં જાન સવારના ૧૦ વાગ્યાના ટાઈમમા ચમારીયા ખાતે ડીજે ના ટેમ્પામાં અચાનક ખામી સર્જાતા ડીજે નું ટેમ્પો પશુ દવાખાનાની ઈકો કાર સહિત એક બાઈકને ક્ચરઘાણ કરી નાખી ડીજેનો ટેમ્પો રોડની સાઈડમાં પલટી મારતા લોકોમાં નાસ ભાગ મચી હતી. આ અકસ્માતની જાણ પોલીસને થતા પોલીસ પણ ઘટના સ્થળ દોડી આવી હતી.

## અમદાવાદમાં વ્યાજખોરોને ત્રાસ વધ્યો, વેપારીએ ૭.૭૧ કરોડની સામે ૧૧.૧૫ કરોડ ચૂકવ્યા છતાં ઉઘરાણી ચાલુ, નારોલ પોલીસ સ્ટેશનમાં નોંધાઈ ફરિયાદ

અમદાવાદ,

અમદાવાદમાં વ્યાજખોરોનો ત્રાસ સતત વધી રહ્યો છે. લોકોની મજબૂરીનો લાભ ઉઠાવી ઊંચા વ્યાજે પૈસા ધિરનારાઓની દાદાગીરી પણ વધી રહી છે. મૂડી કરતાં ડબલ રકમ ચૂકવવા છતાં વ્યાજખોરો દ્વારા સતત દબાણ કરીને વસૂલી કરાતાં નારોલ પોલીસ સ્ટેશનમાં વ્યાજખોર વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ છે. ફાલ્ગુન મહેતા અને ધરમેશ પટેલ તથા તેમના સાગરીતો સામે નારોલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે. જેમાં ફરિયાદીએ ૭ કરોડ ૭૧ લાખની રકમ સામે ૧૪ કરોડ ૪૮ લાખ ચૂકવ્યા હોવા છતાં વ્યાજખોરો ત્રાસ આપતા હતા. કોરોના સમયે આર્થિક સ્થિતિ વ્યવસ્થિત ના હોવાથી ફરિયાદીએ રૂપિયા વ્યાજે લીધા હતા. ફરિયાદીએ ધંધા માટે થઈને ૭ કરોડ ૭૧ લાખ રૂપિયા લીધા હતા જેની સામે વ્યાજખોરોને અત્યાર સુધી ૧૧ કરોડ ૧૫ લાખ રૂપિયા પરત ચૂકવેલા છે. આ સિવાય વધારાની રકમમાં ૨ કરોડ ૬૫ લાખ રોકડમાં આપી છે. તો ધંધાની ઉઘરાણી પેટે ૨ કરોડ ૫૭ લાખ રૂપિયા લઈ લીધા છે.

## NFSA રેશનકાર્ડ ધારકોની સમસ્યા ?

## દે.બારીયા તાલુકાના સરકારી ગોડાઉનમાં ૫૦ ટકા દાળના જથ્થાનો અભાવ શાં કારણે છે ???

દે.બારીયા,

જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ મે મહિનાનું નિયમીત વિતરણ તા.૦૧/૦૫/૨૦૨૩ થી શરૂ કરવાની જાહેરાતો દરેક દૈનિક છાપામાં થઈ તો જાય છે, પરંતુ તે અંગેનું અમલીકરણ દેખાતું નથી જ ક્યારે ચણા તો ક્યારે ખાંડ તો ક્યારે દાળનો જથ્થો સરકારી ગોડાઉનમાં ઉપલબ્ધ હોતો નથી કે પછી ઉપલા લેવલે થી સાંઠગાંઠ સાથે કુત્રીમ અછત ઉભી કરીને અસલ લાભાર્થીઓને વંચિત કરી તમામ જથ્થો ઉંચા ભાવે સગેવગે કરવાનો કૌભાંડ દરેક તાલુકા અને દરેક જીલ્લા માંથી અવારનવાર અહેવાલ મળતા હોય છે. એમાઓ એક કૌભાંડ અહીંયા પણ ચાલતો હોય તેવી દહેશત સાથે શંકા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર દે.બારીયા સરકારી ગોડાઉનમાં મે માસની દાળના જથ્થામાં ૫૦ ટકાનો કાપ આવ્યો છે. અમારા પંચમહાલ સમાચારના પ્રતિનિધીએ રૂબરૂ મુલાકાતમાં ગોડાઉન મેનેજર આ બાબતે જણાવ્યું કે દાળ ઉપરથી આપશે તો ત્યારે ઈશ્યુ કરાશે શું ? પાંચ દિવસ મે માસના બાકી છે તો પાંચ દિવસમાં ક્યારે દાળ આપશે અને ક્યારે ઈશ્યુ થશે ને લાભાર્થીઓને વિતરણ કરાશે તો ગંભીર સવાલ છે. મળતી માહિતી મુજબ જે દુકાનદાર લેવડ દેવડ ના કરે તેને ૫૦ ટકાના કાપનું બહાનું બતાવી દેવાય છે. ૫૦ ટકા દાળનો જથ્થો સગેવગે કરવામાં કોનો કોનો હાથ છે. તે સ્ટેટ વિજીલન્સ વિભાગ તપાસ કરે તો મસમોટું કૌભાંડ બહાર આવે તો નવાઈ નહિ. આ અનાજ કૌભાંડ ક્યારે તો પર્દાફાશ થશે તે યક્ષ પ્રશ્ન છે.

વન નેશન વન રેશનકાર્ડ યોજના અનુસાર દેશના અન્ય રાજ્યોના તેમજ ગુજરાતના કોઈપણ ગામ કે શહેર માંથી રેશનકાર્ડ કઢાવ્યું હોય પરંતુ ધંધા-રોજગારને કારણે અન્ય ગામ કે શહેરમાં વસવાટ કરતા લાભાર્થી સમગ્ર રાજ્યમાં કોઈપણ ગામ કે શહેરમાં આવેલી વ્યાજબી ભાવની દુકાનેથી પોતાના અંગુઠા અથવા આંગળીના ફીંગર ઉપયોગ કરી પોતાની ઓળખ આપી અનાજનો જથ્થો મેળવી શકે છે. આ વાત જાહેરાત પૂરતી સારી લાગે છે. આનો અમલ થતો નથી. દુકાનદારો સાફ નન્નો સંભળાવી દેતા ખચકાતા નથી. કેમ કે ઉપલા લેવલ સુધી ટકાવારી પહોંચે છે એટલે તો સ્ટેટ વીજીલન્સ વિભાગ આમા હસ્તક્ષેપ કરે તો ઉંડાણના ગરીબ લાભાર્થી સુધી પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજનાનો લાભ મળી શકશે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.235

## કાલોલના ચલાલી ગામે લગ્નના વરઘોડામાં

# JCBના બકેટમાં વરરાજા અને જાનૈયા બેસાડી જોખમી કલાબાજી કરતાં ચાલકો વિરૂદ્ધ ફરિયાદ





તસ્વીર : નુર બાલા, વેજલપુર

કાલોલ,

કાલોલ તાલુકાના ચલાલી ગામે બે ભાઈના લગ્ન પ્રસંગ હોય આ લગ્નનો વરઘોડો કાઢવામાં આવ્યો હતો. વરરાજા અને અન્ય લોકો જેસીબીના બેકેટમાં ઉભા રાખીને જોખમી કલાબાજી કરતા હોય આ વિડીયો વાયરલ થતાં પોલીસે જેસીબી અને ટ્રેકટર ચાલકને ઝડપી પાડી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

કાલોલના ચલાલી ગામે બે ભાઈઓના લગ્ન પ્રસંગ હોય આ લગ્ન પ્રસંગમાં રાત્રીના સમયે ગામમાં વરઘોડો કાઢવામાં આવ્યો હતો. આ વરઘોડામાં જેસીબી અને ટ્રેકટરના બકેટમાં વરરાજા અને જાનૈયાઓને બેસાડેલા હતા અને જેસીબી અને ટ્રેકટરના બકેટને ઉંચો નીચો કરી જોખમી કલાબાજી કરતો વિડીયો સોશિયલ મીડીયામાં વાયરલ થયો હતો. આ વિડીયો અંગે વેજલપુર પોલીસ તપાસ કરી જેસીબી નંબર જીજે.૦૬.ડીએચ.૧૫૩૩ના ચાલક રાકેશ અર્જુનસિંહ ચૌહાણ (રહે. ચલાલી) તથા ટ્રેકટર નંબર જીજે.૧૭.એઈ.૨૧૭૯ના ચાલક વિજય અર્જુનભાઈ રાઠવાને પોતાના વાહનોમાં વરરાજા અને જાનૈયા બેસાડી લોકોની જીંદગી જોખમાય તેવા બેદરકારી ભર્યા કૃત્ય કરેલ હોય આ બાબતે વેજલપુર પોલીસે જેસીબી અને ટ્રેકટર ચાલક વિરૂદ્ધ ગુનો નોંધી ઝડપી પાડી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે. સાથે વેજલપુર પોલીસ દ્વારા આવા જોખમી કલાબાજી નહિ કરવા અપીલ કરી છે.

## પંચમહાલ જીલ્લા સંકલન સમિતિની બેઠક જીલ્લા કલેકટરના અધ્યક્ષસ્થાને યોજાઈ



ગોધરા,

પંચમહાલ જીલ્લા સંકલન સમિતિની બેઠક જીલ્લા કલેકટર આશિષ કુમારના અધ્યક્ષસ્થાને અને ધારાસભ્યઓ તથા જીલ્લા સંકલન સમિતિના સંલગ્ન અધિકારીઓની ઉપસ્થિતિમાં જીલ્લા સેવા સદન,ગોધરા કલેકટર કચેરીના સભાખંડ ખાતે યોજાઈ હતી.

આ બેઠકમાં ગત તથા અગાઉની મીટીંગમાં અધ્યક્ષસ્થાનેથી ચર્ચાયેલ કામગીરીની પ્રગતિ,એકશન ટેકન રીપોર્ટ,જે તે કચેરીને સીધી મળેલ પડતર અરજીઓના નિકાલ, જે તે કચેરી હસ્તકની વિવિધ યોજનાઓ તથા તેના લક્ષ્યાંકો-સિધ્ધિઓ, લોકાભિમુખ વહીવટ, નાગરિક અધિકાર પત્રની અરજીઓ, આ ઉપરાંત જીલ્લાના તાકિદના પ્રશ્નો બાબતે ચર્ચા કરાઈ હતી.

આ પ્રસંગે ધારાસભ્યઓ દ્વારા રજૂઆત કરાયેલા પ્રશ્નોનું ઝડપી નિરાકરણ લાવવા સંબંધિત અધિકારીઓને જીલ્લા કલેકટરએ સૂચનાઓ આપી હતી. જીલ્લા કલેકટરએ છેવાડાના વ્યક્તિને સરકારી લાભો મળી રહે તથા પ્રજાના પ્રશ્નો તાકીદે ઉકેલવા અનિવાર્ય હોવાનું જણાવ્યું હતું. આ સાથે તેમણે દબાણો હટાવવા, પાણી, રસ્તા અને વીજળીના પ્રશ્નો તાકીદે ઉકેલવા જણાવ્યું હતું. તેમણે જે પ્રશ્નોની ચર્ચા સંકલનમાં થાય તેના ઉકેલ સાથે જ સંકલનમાં આવવા અધિકારીઓને તાકીદ કરી હતી.

આ બેઠકમાં પંચમહાલ સાંસદ રતનસિંહ, સર્વ ધારાસભ્યઓ જયદ્રહસિંહજી પરમાર, નિમીષાબેન સુથાર, ફતેહસિંહ ચૌહાણ અને સી.કે. રાઉલજી દ્વારા ગત વિવિધ પ્રશ્નો બાબતે વિવિધ ખાતાઓએ કરેલ કામગીરીની સમીક્ષા કરી હતી. જેમાં અગાઉના વીજળી, બેંક, પેન્શન, નલ સે જલ યોજના અને જમીનને લગતા પ્રશ્નો બાબતે થયેલ કામગીરીની સમીક્ષા કરાઈ હતી.તમામ અધિકારીઓએ વિવિધ પ્રશ્નોના સમયસર નિકાલ કરવા માટે ખાતરી આપી હતી.

આ બેઠકમાં જીલ્લા પંચાયતના પ્રમુખ, નિવાસી અધિક જીલ્લા કલેકટર એમ.ડી. ચુડાસમા, જીલ્લા પોલીસ અધિક્ષક હિમાંશુ સોલંકી, સર્વપ્રાંત અધિકારીઓ સહિત જીલ્લાના વિવિધ અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## શહેરા બસ સ્ટેશનમાં ઉભા રહેતા ખાનગી વાહનો સામે કાર્યવાહી કરવા ટ્રાફિક કંટ્રોલર દ્વારા પોલીસ રજુઆત



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરા તાલુકાના મુખ્ય બસ મથકની અંદર ખાનગી વાહનો ઉભા રહેતા નજરે પડી રહ્યા હતા. બસ સ્ટેશન ખાતે ફરજ બજાવતા ટ્રાફિક કંટ્રોલર દ્વારા પોલીસ તંત્રને ઉભા રહેતા ખાનગી વાહનો સામે કડક કાર્યવાહી કરવામાં આવે તેવી રજુઆત કરાઈ છે.

શહેરા તાલુકાના મુખ્ય બસ મથક ખાતે બસોની અવરજવર વધુ રહેવા સાથે મુસાફરોની પણ અવર જવર અહી રહેતી હોય છે. બસ મથક ખાતે ખાનગી વાહનો ઉભા રહેતા જોવા મળવા સાથે અમુક ખાનગી વાહનો નડતરરૂપ પણ ઊભા રહેતા હોય છે. બસ સ્ટેશન ખાતે ખાનગી વાહનો ઉભા રહે નહી તે માટે ટ્રાફિક કંટ્રોલર દ્વારા પોલીસતંત્રને રજુઆત કરાઈ હતી.બસ સ્ટેશન ખાતે ફરજ બજાવતા ટ્રાફિક કંટ્રોલર દ્વારા પોલીસ તંત્ર ને રજુઆત કર્યા બાદ પણ આ સામે કડક કાર્યવાહી કરવામા નહિ આવતા હજુ પણ બસ સ્ટેશનમાં ખાનગી વાહનો ઉભા રહેતા જોવા મળતા હોય છે. ઉલ્લેખનીય છે કે, પાંચ મહિના પહેલા ખાનગી વાહનચાલક દ્વારા બસના કંડકટર અને ડ્રાઈવરને માર મારવાની ઘટના બનવા પામી હતી. ફરી અહી આવી ઘટના ન બને તે માટે બસ સ્ટેશન ખાતે ફરજ બજાવતા ટ્રાફિક કંટ્રોલર દ્વારા પોલીસ તંત્રને બસ સ્ટેશનમાં ખાનગી વાહનો ઉભા રહે નહી તે માટે રજુઆત કરાઈ હતી. પોલીસ વિભાગની સારી એવી કામગીરી તાલુકા પંથકમાં જોવા મળતી હોય ત્યારે બસ સ્ટેશન અને તેની બહાર ઉભા રહેતા ખાનગી વાહનો સામે કાર્યવાહી ક્યારે કરશે તે તો જોવુ જ બની રહ્યુ છે.

> શહેરા બસ સ્ટેશન ખાતે ટ્રાફિક કંટ્રોલર તરીકે ફરજ બજાવતા દિનેશભાઈ પંચાલે જણાવ્યું હતું કે, બસ સ્ટેશનમાં ખાનગી વાહનો ઉભા રહેતા હોય છે. એના કારણે બસ સ્ટેશનમાં આવતી બસોને અવરજવર કરવામાં તકલીફ પડતી હોય છે. બસ સ્ટેશનમાં ખાનગી વાહનો ઉભા ન રહેવા જોઈએ એના માટે પોલીસ તંત્રને રજુઆત મેં કરી છે.

## ધો.૧૦માં 99.97 PR મેળવી અડાદરાનું ગૌરવ વધાર્યું



અડાદરા ગામના મૂળ વતની શાહ ધર્મેશભાઈ ગોવિંદલાલ કપડવંજમાં સાયન્સ કોલેજમાં પ્રોફેસર તરીકે ફરજ બજાવે છે.

અડાદરાના ગોવિંદલાલ મહાસુખલાલના સુપુત્ર શાહ ધર્મેશભાઈ ગોવિંદલાલની દીકરીએ ચાલુ વર્ષે ૨૦૨૩માં લેવાયેલ ધોરણ ૧૦ની બોર્ડની પરીક્ષામાં કપડવંજ કેન્દ્રમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરીને અડાદરા તથા શ્રી વેજલપુર એકડા વિશા ખડાયતા સમાજનું ગૌરવ વધારેલ છે.

મુદ્રા એ ૯૯.૯૭ PR મેળવેલ છે તથા વિજ્ઞાનમાં ૧૦૦ ગુણ તથા ગણિત વિષયમાં ૯૯ ગુણ મેળવેલ છે. તેઓના પિતા અને

## ગોધરાના મહિલાનો મેડીકલ કલેમ્પ વિમા કંપનીએના મંજુર જિલ્લા ગ્રાહક કોર્ટ અરજી કરી

ગોધરા,

ગોધરાના અંકલેશ્વર મહાદેવ રોડ પર રહેતા ભાવિનભાઇ રમેશચંદ્ર પટેલ તથા પત્ની તેમજ બે બાળકોની ૫ લાખ રૂપીયાની સ્ટાર હેલ્થ એન્ડ એલાઇડ ઈન્સ્યુરન્સ કંપનીની મેડીકલ પોલીસી લીધી હતી. ભાવિનભાઇ છેલ્લા ૧૦ વર્ષથી મેડીકલ પોલીસીનું પ્રીમીયમ ભરી રહ્યા છે. ચાલુ વર્ષ વીમા કપનીમાં મેડીકલ પોલીસીના ૧૮,૦૭૧/- રૂ.નુંપ્રીમીયમ ભરેલ હતું. ભાવિનભાઇની પત્ની કેયુરીબેને પટેન લગતી ઝાડાની તકલીફ પડતા તેઓને વડોદરાની ગેસ્ટ્રોકેર હોસ્પીટલ ખાતે સારવાર અર્થે વર્ષ ૨૦૨૩ ના માર્ચ માસમાં સારવાર લીધી હતી. બીમારીની સારવાર અર્થે રૂ.૭૦,૪૪૨/- રૂ. નો ખર્ચ થયો હતો. ભાવિનભાઈએ સ્ટાર હેલ્થ એન્ડ એલાઇડ ઈન્સ્યુરન્સ કંપની લી.ની ગોધરા ખાતેની ઓફિસે મેડીકલ પોલીસી હેઠળ વિમા કલેમ ફોર્મ ભર્યું હતું. ભાવીનભાઇની પત્નીના કલેપને વિમા કંપનીએ તદન ખોટા અને ગેરકાયદેસસના કારણો આગળ ધરીને કલેપ નામંજૂર કરી દીધો હતો. જેથી ભાવિનભાઈએ વિમા કંપની સામે જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ક્મીશનની કોર્ટમાં અરજી દાખલ કરી હતી. ગ્રાહક કોર્ટે વિમા કંપનીના ગોધરા ખાતેના મેનેજરને નોટીસ પાઠવીને ૨૧/૬/૨૦૨૩ નારોજ હાજર રહેવા હુકમ કર્યો છે.

## ભારતીય જનતા પાર્ટીની મંડલ કારોબારી બેઠક જિલ્લા મહામંત્રી મયંક દેસાઈની અધ્યક્ષતામાં યોજાઈ



તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા,

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ અને જીલ્લાની સૂચના અનુસાર આજરોજ પંચમહાલ જીલ્લા ભાજપા મહામંત્રી મયંકભાઈ દેસાઈની વિશેષ ઉપસ્થિતિમાં સ્વામિનારાયણ મંદિર ઘોઘંબા ખાતે મંડળની કારોબારી બેઠક મળી હતી. તેમાં આમ આદમી પાર્ટીના પ્રમુખ અર્જુનસિંહ બારીયાએ આપને રામરામ કરી ભારતીય જનતા પાર્ટીનો ખેસ મયંક દેસાઈના હસ્તે પહેરી વિધિવદ ભાજપમાં જોડાયા. તેમજ આ કારોબારીમાં, પાર્ટી પ્રમુખ ગુણવંશી ગોહિલ, જયપાલ રાઠોડ, કૈલાશબેન પરમાર, નિલેશભાઈ વરિયા, અરવિંદભાઈ પરમાર, તાલુકા સદસ્યો, જિલ્લા સદસ્યો, સરપંચો તથા ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## ગોધરા-અમદાવાદ હાઈવે ઉપર રસ્તો ક્રોસ કરતાં વ્યકિતને ટ્રાવેલ્સે અડફેટમાં લેતા સારવાર દરમિયાન મોત

ગોધરા,

ગોધરા-અમદાવાદ રોડ ઉપર એક લક્ઝરી ટ્રાવેલ્સ બસના ચાલકે પોતાના કબજાની બસને બેફિકરાઈ અને ગફલતભરી રીતે હંકારી લાવી રસ્તો ક્રોસ કરી રહેલા વ્યક્તિને ટક્કર મારી અક્સ્માત સર્જયો હતો. જે વ્યક્તિનું સારવાર દરમિયાન કરૂણ મોત નિપજવા પામ્યું હતું. ત્યારે આ મામલે લક્ઝરી બસ ચાલક સામે ગોધરા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવવા પામી છે. ગોધરાથી અમદાવાદ તરફ જતા ઈન્દોર-અમદાવાદ હાઈવે રોડ ઉપર એક લક્ઝરી બસ (જી.જે.૧૭.યુયુ.૪૧૨૧)નાં ચાલકે પોતાના કબજામાં રહેલી લક્ઝરી બસને બેફિકરાઈ અને ગફલતભરી રીતે હંકારી લાવી રસ્તો ક્રોસ કરી રહેલા રાજનભાઈ અમનભાઈ સંગોડ ને ટક્કર મારી અકસ્માત સર્જયો હતો. જે અકસ્માતમાં તેઓને શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. જેમાં તેઓને સારવાર અર્થે દવાખાને ખસેડતા તેઓનું સારવાર દરમિયાન કરૂણ મોત નિપજવા પામ્યું હતું. ત્યારે આ મામલે ગોધરા તાલુકા પોલીસે લક્ઝરી બસના ચાલક વિરૂદ્ધ ગુન્હો નોંધી વધુ આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

## હાલોલ કંજરી ગામની સીમમાં જુગાર રમતા ૭ જુગારીયાને ઝડપ્યા

હાલોલ,

હાલોલ તાલુકાના કંજરી ગામ સીમમાં આવેલ ખેતરમાં કેટલાક ઈસમો જાહેરમાં જુગાર રમતા હોય તે સ્થળે પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન ૭ જુગારીયાઓને ૧૨,૪૬૦/-રૂપીયા સાથે ઝડપી પાડવામાં આવ્યા.

પ્રાપ્ત વિગતો મુજબ હાલોલ તાલુકાના કંજરી ગામે સીમમાં ખેતરમાં કેટલાક ઈસમો જાહેરમાં જુગાર રમતા હોય તે સ્થળે પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન સુનીલ ઉર્ફે સુનીયો અરવિંદ નાયક, મહિપાલ નટવરસિંહ પરમાર, જશવંતસિંહ લક્ષ્મણસિંહ રમણસિંહ પરમાર, વિજય દલપતભાઈ પરમાર, રાજુભાઈ અશોકભાઈ રાવલ, હરીશભાઈ બળવંતભાઈ સોલંકી, કરશનભાઈ દુધાજી મારવાડીને ઝડપી પાડી અંગઝડતી અને દાવ ઉપર મુકેલ રૂપીયા ૧૨,૪૬૦/-નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો. આ બાબતે હાલોલ રૂરલ પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ.

## શહેરાના છાયણા ગામેથી ૨૯ હજારના ઈંગ્લીશ દારૂ સાથે બુટલેગર ઝડપ્યો

શહેરા,

શહેરા તાલુકાના છાયણા ગામે બાાતમીના આધારે એલ.સી.બી.પોલીસે રેઈડ કરી ૨૯,૦૪૦/-રૂપીયાના ઈંગ્લીશ દારૂ સાથે આરોપી ઈસમને ઝડપ્યો. પ્રાપ્ત વિગતો મુજબ શહેરા તાલુકાના છાયણા ગામે ધાવડીયા ફળીયામાં રહેતા કલ્યાણસિંહ ઉર્ફે જાડો બાબુભા ઓડ ઈંગ્લીશ દારૂનો જથ્થો લાવી ઘરમાં સંતાડી રાખેલ છે. તેવી બાતમીના આધારે પોલીસે રેઈડ કરી વ્હીસ્કી ક્વાટરીયા નંગ-૯૬ પ્રિમીયમ વ્હીસ્કી ક્વાટરીયા નંગ-૧૪૪ મળી કુલ ૨૯,૦૪૦/- રૂપીયાના મુદ્દામાલ સાથે કલ્યાણ ઉર્ફે જાડો ઉર્ફે રવિને ઝડપી પાડવામાં આવ્યો.

## ગોધરા શહેર પ્રજાપતિ સમાજનું ગૌરવ વધારતી માહી વિજયકુમાર પ્રજાપતિ



ગોધરા,

ગોધરા શહેરની સેન્ટ આર્નોલ્ડ સ્કુલમાં ધો.૧૦ ગુજરાતી મીડિયમમાં અભ્યાસ કરતી પ્રજાપતિ માહી વિજયકુમારે તાજેતરમાં યોજાયેલી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા એસ.એસ.સી.બોર્ડ માર્ચ ૨૦૨૩ માં અથાગ મહેનત થકી ૮૫.૬૩% પર્સેન્ટાઇલ રેન્ક મેળવી શાળા તેમજ પ્રજાપતિ સમાજની સાથે સાથે પોતાના માતા પિતાનું ગૌરવ પણ વધાર્યું છે. માહીના પિતા ગોધરા શહેરમાં પેપર વિતરણ વ્યવસાય સાથે સંકળાયેલા છે.જ્યારે માતા ઘરે દરજી કામ કરે છે. આમ માહી માતા પિતાને મહેનત અને અથાગ પરિશ્રમ કરતા જોઈ પોતે ભણશે તો જ ઉધ્ધાર થશે.તેમ માની તનતોડ મહેનત કરી આ સિદ્ધિ હાંસલ કરી હતી. ત્યારે માહી પ્રજાપતિની આ સિદ્ધિ બદલ શાળા પરિવાર તેમજ પ્રજાપતિ સમાજ દ્વારા શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

## ગોધરા કનેલાવ રમત ગમત સંકુલ ખાતે ફુટબોલ રમત સ્પર્ધામાં ૧૫૦ ખેલાડીઓએ ભાગ લીધો

ગોધરા,

ગોધરા શહેરના કનેલાવ ખાતે આવેલા જિલ્લા રમતગમત સંકુલ ખાતે સ્કૂલ ગેમ્સ ઓફ ફેડરેશનની ફૂટબોલ શાળાકીય રમત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રાજ્યના અલગ અલગ જિલ્લાઓમાંથી ૧૫૦ ઉપરાંત ખેલાડીઓએ ભાગ લીધો હતો. પંચમહાલ જિલ્લાના મુખ્યમથક ગોધરાના કનેલાવ વિસ્તારમાં આવેલા સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા સંચાલિત પંચમહાલ જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર ખાતે સ્કૂલ ગેમ્સ ઓફ ફેડરેશનની ફુટબોલ શાળાકીય રમતસ્પર્ધા પસંદગીનુ આયોજન કરવામાં આવ્યુ હતું, સ્કુલ ગેમ ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા અંડર ૧૯ ભાઈઓ માટે ૬૬મી અખિલ ભારતીય શાળાકીય રમત સ્પર્ધા યોજનાર છે. ત્યારે ગોધરા ખાતેના જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર ખાતે આજે અલગ-અલગ ૧૫ જેટલા જિલ્લાઓમાંથી ફૂટબોલ રમતના અંડર ૧૯ ના ૧૫૦ જેટલા ખેલાડી ભાઈઓએ ભાગ લીધો હતો. ફૂટબોલ ટીમની પસંદગી માટે ખાસ સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાતના ફૂટબોલ રમતના એક્ષપર્ટ કોચ પણ ઉપસ્થિત રહ્યા હતા. સંપૂર્ણ સિલેક્શન ટ્રાયલમાં આયોજન માટે જિલ્લા રમતવિકાસ અધિકારી પ્રતાપ પસાયા દ્વારા પણ ઉપસ્થિત ખેલાડીઓ માટે સતત હાજર રહીને માર્ગદર્શન પૂરૂ પાડવામાં આવ્યું હતું.

## શહેરા અણિયાદ ચોકડી પાસે ભુલી પડેલ દિવ્યાંગ મહિલાનું ૧૮૧ ટીમે પરિવાર સાથે મિલન કરાયું



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરાનગરના અણિયાદ ચોકડી વિસ્તારમાં ભુલી પડી ગયેલી નાના બાળક સાથેની એક દિવ્યાંગ મહિલાને ૧૮૧ મહિલા અભયમની ટીમે તેના પરિવારજનો સાથે મિલન કરાવ્યું હતું. આ દિવ્યાંગ મહિલા સુમિત્રાબેન રિક્ષામાં બેસીને ઘોઘંબા તાલુકાના બાકરોલ ગામથી શહેરા ખાતે આવી ગઈ હતી.

શહેરા નગરના અણિયાદ ચોકડી વિસ્તારમાં હનુમાન ઈલેક્ટ્રીકની પાસે આવેલી દુકાનની બહાર દિવ્યાંગ મહિલા નાના બાળક સાથે બે કલાક કરતા વધુ સમય જોવા મળતા દુકાનદારોએ આ દિવ્યાંગ મહિલાને ક્યાથી આવ્યા છો, તેમ પુછપરછ કરતા કોઈ જવાબ આપ્યો ન હતો. જાગૃત નાગરિકે મહિલાને પાણીની બોટલ અને નાસ્તો આપીને ૧૮૧ મહિલા હેલ્પ લાઈનને આ સમગ્ર બાબતની જાણ કરી હતી. થોડીકવારમાં સ્થળ પણ અભયમની ટીમ આવી જઈને દિવ્યાંગ મહિલાની પુછપરછ કરતા તે શરૂઆતમાં કઈ જણાવ્યું ન હતું. જોકે, અભયમની ટીમ દ્વારા ફરી એક વખત પુછપરછ કરતા દિવ્યાંગ મહિલાએ કોઈ રિક્ષામાં બેસીને તે અહીયા આવી ગઈ હતી અને તેનું નામ અને સરનામું પુછતા સુમિત્રાબેન ભલાભાઈ બારિયા હોવાનું જણાવા સાથે તે ઘોઘંબા તાલુકાના બાકરોલ ગામ ખાતે રહેતા હોવાનું જણાવ્યું હતું. ૧૮૧ની ટીમ દ્વારા દિવ્યાંગ મહિલા જે ચાલી નહી શકતી હોવાથી તેને ઉંચકીને વાહનમાં બાળક સાથે બેસાડીને તેના ગામ ખાતે લઈ જઈને પરિવાર સાથે મિલન કરાવ્યું હતું. જાગૃત નાગરિક દ્વારા ૧૮૧ અભયમ ટીમને કરેલા કોલ દ્વારા અને રાજ્ય સરકારની મહિલાઓની મદદ કરતી આ યોજના ફરી એકવાર સાચા અર્થમાં મહિલાને મદદગાર સાબિત થઈ છે.

## પંચમહાલ જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશન કોર્ટ દ્વારા સ્ટાર હેલ્થ એન્ડ એલાઈડ ઈનસ્યોરન્સ કંપનીના બ્રાન્ચ મેનેજરને હાજર રહેવા ફરમાન

ગોધરા,

ગોધરા શહેરના ઈનસ્યોરેન્સ ધારકે વળતર મામલે ઈનસ્યોરેન્સ કંપની સામે પંચમહાલ જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશન કોર્ટમાં ફરિયાદ નોધાવતાં કોર્ટે ઈનસ્યોરેન્સ કંપનીના બ્રાંચ મેનેજર ને હાજર રહેવા જણાવ્યું હતું. ગોધરા શહેરના અંકલેશ્વર મહાદેવ રોડ ઉપર રહેતા ભાવિનભાઈ રમેશચંદ્ર પટેલ દ્વારા પંચમહાલ જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશન કોર્ટમાં ફરિયાદ નોધાવતા જણાવ્યું હતુ કે તેઓ પોતે તથા તેઓની પત્ની તેમજ બે બાળકોની રૂ.૫ લાખની ગોધરા ખાતે કાર્યરત સ્ટાર હેલ્થ એન્ડ એલાઇડ ઈન્સ્યોરન્સ કંપનીની મેડીકલ પોલીસી જે તે વખતે લીધી હતી.ભાવિનભાઇ છેલ્લા ૧૦ વર્ષથી નિયમિત મેડીકલ પોલીસીનું પ્રીમીયમ ભરી રહ્યા છે. ચાલુ વર્ષે વીમા કંપનીમાં મેડીકલ પોલીસીના રૂ.૧૮૦૭૧ નું પ્રીમીયમ પણ ભર્યું હતું. ભાવિનભાઈની પત્ની કેયુરીબેનને પેટને લગતી ઝાડાની તકલીફ પડતા તેઓને વડોદરાની ગેસ્ટ્રોકેર હોસ્પીટલ ખાતે સારવાર અર્થે વર્ષ ૨૦૨૩ ના માર્ચ માસમાં સારવાર લીધી હતી. બીમારીની સારવાર અર્થે રૂ.૭૦,૪૪૨ નો ખર્ચ થયો હતો. ભાવિનભાઈએ સ્ટાર હેલ્થ એન્ડ એલાઇડ ઈન્સ્યોરન્સ કંપની ગોધરા ખાતેની ઓફિસે મેડીકલ પોલીસી હેઠળ વિમા કલેમ ફોર્મ ભર્યું હતું. ભાવીનભાઈની પત્નીના મેડિકલ કલેમને વિમા કંપનીએ તદન ખોટા અને ગેરકાયદેસર નાં કારણો આગળ ધરીને મેડિકલ કલેમ નામંજૂર કરી દીધો હતો. જેથી ભાવિનભાઈએ વિમા કંપની સામે જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમીશનની કોર્ટમાં અરજી દાખલ કરી હતી. ગ્રાહક કોર્ટે વિમા કંપનીના ગોધરા ખાતેના બ્રાન્ચ મેનેજરને નોટીસ પાઠવીને આગામી તા.૨૧.૬.૨૦૨૩ ના રોજ હાજર રહેવા હુકમ કર્યો છે.